આજનો સુવિચાર
માણસમાં બીજાને છેતરવા કરતા પોતાને છેતરવાની શકિત વધુ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૪૮ જૂનાગઢ તા.૦૫-૦૨-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 48, Junagadh : Date : 05 February, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો પર યોજાઈ રહેલું મતદાન

### પ્રારંભીક કલાકોમાં ૨૦ ટકા મતદાન : ૧.૫૬ કરોડ મતદાન ૭૦૦ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ કરશે



નવી દિલ્હી તા. ૫ : દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે આજે સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયું છે. ૧.૫૬ કરોડ લોકો સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. આ માટે, લગભગ ૧૩ હજાર મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. ૧૧ વાગ્યા સુધી ૨૦% મતદાન થયું. દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આજે મતદાન યોજાઈ રહયું છે સવારથી જ મતદાન મથકો પર લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે. રાજધાનીની તમામ ૭૦ બેઠકો પર મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ સમય દરમિયાન, દિલ્હીના ૧.૫૬ કરોડ મતદાતાઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરશે અને લગભગ ૭૦૦ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિત અનેક દિગ્ગજોએ તેના મતાધિકારનો ઉપયોગ કર્યો. દિલ્હીવાસીઓ સવારથી જ મતદાન કરવા માટે ઉમટી પડ્યા છે. દિલ્હીમાં જંગી મતદાન થવાના સંકેતો મળી રહ્યા છે.

## કુંભ મેળામાં થયેલી ભાગદોડ ષડયંત્ર : યોગીનાં નિવેદનથી ખળભળાટ



લખનૌ તા. ૫ મહાકુંભમાં ગત તા.૨૯ જાન્યુઆરીના સર્જાયેલી ભાગદોડમાં ૩૦થી વધુ શ્રદ્ધાળુઓના મૃત્યુ થતાં ઉતરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે આ ભાગદોડ એક ષડયંત્ર જ હોવાનું જણાવ્યું છે. જે કોઈ દોષીત હશે તેની સામે આકરા પગલા લેવાની જાહેરાત કરી છે.

ભાગદોડના લગભગ એક સપ્તાહ બાદ યોગીએ કરેલી જાહેરાતે ભારે આશ્ચર્ય સર્જયુ છે. યોગીએ જણાવ્યું કે, આ દુર્ઘટનાની તપાસ માટે સરકારે એક તપાસ પંચની રચના કરી છે અને તેના જે કંઈ તારણ હશે તેના પરથી દોષીતોને શોધીને આકરી સજા કરાશે.

ગઈકાલે ભૂતાનના મહારાજા જીગ્મે વાંગચુંગ સાથે મહાકુંભમાં સ્નાન કર્યા બાદ યોગીએ આ જાહેરાત કરી હતી. યોગીએ કહ્યું કે, જયારે દેશ અને સમગ્ર વિશ્વ મહાકુંભને એક સફળ આયોજન તરીકે જોઈ રહ્યા છે અને તેને સનાતન ધર્મની એક ઓળખ પણ છે તે સમયે સમગ્ર આયોજનને બદનામ કરવા અનેક લોકોએ 'સોપારી' લીધી છે તેમનો આ આક્ષેપ સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ તરફ હતો.

જેઓએ આ પ્રકારની ભાગદોડને વહીવટી નિષ્ફળતા ગણાવી હતી. તેઓએ કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે પર પણ પ્રહાર કરતા કહ્યું કે દેશના સૌથી જૂના રાષ્ટ્રીય પક્ષના વડા પણ સંસદમાં બેજવાબદાર વિધાનો કરે છે અને તેમાં અખિલેશ યાદવ સાથે સ્પર્ધા કરીને સૌથી વધુ સનાતન વિરોધી કોણ છે તે સાબીત કરવા માંગે છે.

## સૌરાષ્ટ્રની ૨૫ નગરપાલિકાઓની ૬૮૪ બેઠકો ઉપર ૧૭૨૮ ઉમેદવારો મેદાનમાં : કુલ ૨૧૫ બેઠકો બિનહરીફ થઈ

રાજકોટ, તા. ૫ સૌરાષ્ટ્રની ૨૫ નગરપાલિકાની તા.૧૬ ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી માટે ગઈકાલે ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે ચિત્ર સ્પષ્ટ થયું છે. કુલ ૭૦૪ બેઠક પૈકી ઘણી બેઠકો બિનહરીફ થઈ છે. તો ૯૨ જેટલા ફોર્મ પરત ખેંચાતા ૬૮૪ બેઠક માટે ૧૭૨૮ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. જુનાગઢ મનપામાં ભાજપે મોટુ ઓપરેશન કર્યુ છે.

રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ મહાપાલિકા અને જિલ્લાની ૬ મહાપાલિકા મોરબી જિલ્લામાં પણ ફોર્મ રદ થયા છે અને પરત ખેંચાયા છે. જેમાં ભાજપનો હાથ ઉપર રહ્યો છે.

ભાજપે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૬૮ નગરપાલિકામાં કુલ ૧૯૬ નગરપાલિકાની બેઠકો ચૂંટણી પહેલા વિજય મેળવ્યો છે જેમાં ૪ નગરપાલિકામાં બહુમતી કરતાં વધારે બેઠકો પર બિનહરીફ થતા ભચાઉમાં ૨૮માંથી ૨૨ બેઠકો, હાલોલમાં ૩૬માંથી ૧૯ બેઠકો, જાફરાબાદમાં ૨૮માંથી ૧૬ બેઠકો તેમજ બાંટવામાં ૨૪માંથી ૧૫ બેઠકો પર નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીએ બિનહરીફ વિજય પ્રાપ્ત કર્યો છે.

તેમજ જુનાગઢ મહાનગરપાલિકાની ૯ બેઠકો અને તાલુકા પંચાયત તેમજ પેટા ચૂંટણીની ૧૦ બેઠકો એમ કુલ મળીને ૨૧૫ બેઠકો પર પાર્ટીએ બિનહરીફ વિજય મેળવ્યો છે.


## સોનામાં આગઝરતી તેજી : વધુ રૂા. ૧૦૦૦નો ઉછાળો : ૧૦ ગ્રામનો ભાવ રૂા.૮૬,૯૦૦

મુંબઈ તા.૫ અમેરિકામાં રાષ્ટ્રપતિએ ડોનાલ્ડ ટ્રમ્પ સતારૂઢ થતાની સાથે જ શરૂ થયેલી ટ્રેડવોર ધીમી પડી હોવા છતાં સોના-ચાંદીમાં તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો હોય તેમ આજે વધુ ઉછાળો નોંધાયો હતો. બન્ને કિંમતી ધાતુના ભાવ ૧-૧ હજાર રૂપિયા વધી ગયા હતા. વિશ્વબજારમાં પણ ભાવ નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

રાજકોટમાં સોનાનો હાજર ભાવ રૂા.૮૭૦૦૦ ની નજીક પહોંચ્યો હોય તેમ ૮૬૯૦૦ થયો હતો. ગઈકાલની સરખામણીએ ૧૦૦૦ નો ભાવ વધારો હતો.વિશ્વબજારમાં સોનું ઉંચકાઈને ૨૮૫૬ ના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યુ હતું. કોમોડીટી એકસચેંજમાં ભાવ ૮૪૧૨૫ હતો.

આજ રીતે ચાંદીનો હાજર ભાવ ફરી એક લાખના માર્ગે હોય તેમ ૯૪૦૦૦ ને આંબી ગયો છે. ગઈકાલની સરખામણીએ ૧૦૦૦ રૂપિયાનો ભાવ વધારો હતો. સોની વેપારીઓના કહેવા પ્રમાણે આંતર રાષ્ટ્રીય ઘટનાક્રમો તેજીમાં ભાગ ભજવી રહ્યા છે. પરંતુ આવતા સમયમાં ગંભીર વળાંક આવવાની આશંકા વ્યકત થતી હતી.

## વડાપ્રધાન મોદીએ મહાકુંભમાં સંગમ ઘાટ ખાતે સ્નાન કર્યુ



પ્રયાગરાજ તા. ૫ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચ્યા છે. મોદીએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યુ છે. સીએમ યોગી અને કેટલાક સંતો પણ તેમની સાથે છે. મોદી બોટમાં બેસીને યોગી સાથે સંગમ પહોંચ્યા હતા. તેમણે ભગવા રંગના કપડા પહેર્યા હતા. મંત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાન મોદીએ સંગમમાં ડૂબકી લગાવી હતી.

સંગમ સ્નાન કર્યા બાદ પીએમએ સૂર્યને અર્ધ્ય અર્પણ કર્યું. આ દરમિયાન તેમના હાથમાં રુદ્રાક્ષની માળા પણ હતી. મોદીએ લગભગ ૫ મિનિટ સુધી મંત્રોચ્ચાર સાથે સૂર્યની પૂજા કરી હતી.

## ટ્રમ્પનો વધુ એક સાહસિક નિર્ણય : ગાઝપટ્ટીનું નિયંત્રણ કરશે : નેતાન્યાહુની સંમતિ

વોશિંગ્ટન તા. ૫ પનામા નહેર અને ગ્રીનલેન્ડ- દેશ પર દાવો કર્યા બાદ હવે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મધ્યપુર્વમાં પણ ઝંપલાવવા તૈયાર છે અને હાલમાં જ ભીષણ યુદ્ધ બાદ લગભગ તબાહ થયેલા ગાઝા પટ્ટી સંભાળવા તૈયારી બતાવી છે.

ટ્રમ્પે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહુ સાથે લાંબી દ્વીપક્ષી બેઠક બાદ એક પત્રકાર પરિષદમાં જાહેર કર્યુ કે અમેરિકા ગાઝા પટ્ટી પર અંકુશ લઈ લેશે અને ત્યાં અમેરિકી સૈન્ય તૈનાત કરીને આ ક્ષેત્રને આતંકવાદ-શસ્ત્રો-દારૂગોળાથી મુક્ત કરાવશે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુએ પણ આ અંગે સંમતી આપતા હવે મધ્યપુર્વ સહિતના મુસ્લીમ આરબ રાષ્ટ્રોમાં જબરો ખળભળાટ મચી જવાનાં સંકેત છે.

અમેરિકામાં રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમની કોઈ વિદેશી રાષ્ટ્રવડા સાથેની પ્રથમ મુલાકાત બની રહી છે. ટ્રમ્પે જાહેર કર્યુ કે મધ્યપુર્વમાં લાંબાગાળાની સ્થિરતા શાંતિ માટે આ જરૂરી છે. ટ્રમ્પે કહ્યું કે તમો આ ક્ષેત્રની જવાબદારી સ્વીકારી તેને શસ્ત્રો-દારૂગોળા મુક્ત કરવા માંગીએ છીએ. શ્રી ટ્રમ્પે ગાઝા પટ્ટીમાં ઘેરાયેલા વિનાશ અંગે કહ્યું કે સમગ્ર ક્ષેત્રને સાફ કરીને નવા આર્થિક વિકાસ માટે અમો કામ કરશુ જેનાથી નવી રોજગારી, વ્યાપાર ધંધાથી તક સર્જાશે. ટ્રમ્પે કહ્યું કે, ગાઝાપટ્ટીના લોકો કોઈ નવી રોજગારી નવા કામ કરે તેવું અમો ઈચ્છીએ છીએ. ઈઝરાયેલના વડાપ્રધાન નેતાન્યાહુએ પણ આ મુદાને સમર્થન આપીને ખૂબજ મહત્વનું ગણાવ્યું હતું. તેઓએ કહ્યું કે, લાંબા સમયથી ત્રાસવાદમાં ફસાયેલા આ ક્ષેત્રને અમો નવું ભવિષ્ય આપવા તૈયાર છીએ.

### વિશ્વભરનાં ઈસ્માઈલી ખોજા સમુદાયનાં આધ્યાત્મિક ધર્મગુરૂ
## પ્રિન્સ આગાખાનનું ૮૮ વર્ષની વયે નિધન : અનુયાયીઓમાં ભારે શોક

મુંબઈ તા. ૫ વિશ્વભરના ઈસ્માઈલી ખાજાના આધ્યાત્મિક નેતા પ્રિન્સ કરીમ આગા ખાનનું ૮૮ વર્ષની વયે નિધન થયું છે.

સત્તાવાર નિવેદન અનુસાર, તેમણે મંગળવારે પોર્ટુગલના લિસ્બનમાં અંતિમ શ્વાસ લીધા હતા. આગા ખાન ડેવલપમેન્ટ નેટવર્ક તેમના નિધન પર ભારે શોક વ્યક્ત કરતા કહયું કે આ ખોટ માત્ર તેમના પરિવાર માટે જ નહીં પરંતુ વૈશ્વિક ઈસ્માઈલી સમુદાય માટે પણ અત્યંત દુઃખદ છે. નિવેદનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમના ઉત્તરાધિકારીની યોગ્ય સમયે જાહેરાત કરવામાં આવશે.

પ્રિન્સ કરીમ આગા ખાન માત્ર ૨૦ વર્ષની વયે ઈસ્માઈલી ખાજાના આધ્યાત્મિક નેતા બન્યા હતા. તેમના દાદા, આગા ખાન ત્રીજાએ ઉત્તરાધિકારીની પરંપરાગત વ્યવસ્થા બદલતા તેમને તેમના પદના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. ૧૧ જુલાઈ, ૧૯૫૭ના રોજ, તેઓ ઈસ્માઈલી સમુદાયના ૪૯મા ઈમામ બન્યા હતા.

## સ્વિડનની શાળામાં અંધાધુંધ ગોળીબાર : ૧૦નાં મોત

ઓરેબ્રૂ (સ્વીડન),તા.૫ યુરોપિયન દેશ સ્વિડનના ઓરેબ્રૂ શહેરમાં એક શાળામાં અંધાધૂંધ ગોળીબાર કરાયાની ઘટના સામે આવી છે જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો મૃત્યુ પામ્યા હતાં. આ હુમલામાં પોલીસે કાર્યવાહી કરતાં હુમલાખોરને પણ ઠાર માર્યો હોવાની જાણકારી મળી છે.

પોલીસે કહ્યું કે, આ હુમલામાં એક જ હુમલાખોરની સંડોવણી હતી પણ તેણે આ હુમલો કેમ કર્યો તેની કોઈ ચોક્કસ માહિતી સામે આવી શકી નથી. આ ઘટના સ્વિડનની રાજધાની સ્ટોકહોમથી લગભગ ૨૦૦ કિલોમીટર પશ્ચિમે આવેલા ઓરેબ્રૂ શહેરના કેમ્પસ રિસબર્ગસ્કામાં બની હતી. અહીં યુવાઓ ભણવા આવે છે. કેમ્પસ રિસબર્ગસ્કામાં એવા યુવાઓ ભણવા આવે છે જેઓ સમયસર તેમનો અભ્યાસ પૂર્ણ કરી શક્યતા નહોતા. જોકે આ કેમ્પસની નજીકમાં જ એક બાળકોની સ્કૂલ પણ આવેલી છે.

સ્વિડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસને ઘટનાને દેશની સૌથી ભીષણ સામૂહિક ગોળીબારની ઘટના ગણાવી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૭ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હાર્દિક શુભેચ્છા...
વરૂણ દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુઃખાવો ● સાંધાનો દુઃખાવો
● ગરદનનો દુઃખાવો
● માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સંપૂર્ણ આયુર્વેદિક સારવાર
પૃથ્વીરાજ હોસ્પિટલ
આયુર્વેદ - પંચકર્મ
ફિઝીયોથેરાપી
● તમામ પ્રકારનાં રોગો ● સાંધાનો દુઃખાવો ● સાયટીકા ● ચેતાતંત્રના રોગો
● માનસિક રોગો ● પક્ષઘાત ● માઈગ્રેન (આધાશીશી) ● અનિંદ્રા
ડો. મહિપતસિંહ ડોડીયા
એમ.ડી. (આયુ.)
જૂનાગઢ : ૧૦૭/૧૦૮ પહેલો માળ, ક્રિસ્ટલ-બી કોમ્પ્લેક્ષ, મધુરમ, જૂનાગઢ. મો. ૯૭૨૬૬ ૧૨૧૧૦
: મુ. ગડુ - શેરબાગ :
ખોરાસા રોડ, મેઘલપુલની બાજુમાં, મુ. ગડુ, તા. માળીયા (હાટીના) મો. ૮૨૦૦૪ ૮૫૯૦૮

દુકાન વેચવાની છે.
જુનાગઢના હાર્દ સમા કાળવા ચોક વિસ્તારમાં તાત્કાલીક દુકાનવેચવાની છે.
● દુકાન ૧૬૦ સ્કે.ફુટ છે
● શિખર કોમ્પ્લેક્ષ ૪ થા માળે.
સંપર્ક : પ્રકાશભાઈ વસવેલીયા
મો. ૯૭૨૨૭ ૧૨૭૧૬


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500 B.A.M.S., C.C.P.
સોમવાર થી શનિવાર - સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦ સુધી
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ જેમકે વમન, વીરેચન, બસ્તિ, નસ્ય, રકતમોક્ષણ, શિરોધારા, અભ્યંગ, સ્વેદન (માલીશ શેક) જાનુબસ્તિ કટિબસ્તિ વિગેરે દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ॐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

# પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાના સાંદીપની આશ્રમનાં શ્રી હરિ મંદિરનો ૨૯ મો પાટોત્સવ ઉત્સવ યોજાયો

## બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ એવોર્ડ દ્વારા મહાનુભાવોનું થયું ભાવપૂજન : પ.પૂ. ડો. પરમાત્માનંદ સરસ્વતીજી દેવર્ષિ એવોર્ડથી સન્માનિત



(પ્રતિનિધિ દ્વારા)

પોરબંદર તા.પ

પોરબંદરમાં સાંદીપનિ વિદ્યાનિકેતનમાં વસંતપંચમીનાં પાવન દિવસે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના સાન્નિધ્યમાં શ્રીહરિ મંદિરમાં નૂતન ધ્વજારોહણ, સરસ્વતીમાતાનું પૂજન-અર્ચન, ગોવર્ધનપૂજન એવં ગોપૂજન સાથે ૨૯મા પાટોત્સવનો દિવ્ય પ્રારંભ થયો હતો. શ્રીહરિ મંદિરના ૨૯મા પાટોત્સવના પહેલા દિવસે અપરાહ્ન સત્રમાં પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૨૯મા સાંદીપનિ ગૌરવ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪નું આયોજન થયું. જેમાં ત્રણ મહાનુભાવોનું બ્રહ્મર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ એવોર્ડથી ભાવપૂજન કરવામાં આવ્યું હતું. સાંદીપનિ ગૌરવ એવોર્ડ સમારોહનો પ્રારંભ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય દ્વારા તથા ઋષિકુમારો દ્વારા વેદમંત્રોના ગાનથી કરવામાં આવ્યો. ગૌરવ એવોર્ડ ચયન સમિતિના સભ્ય ભાગ્યેશભાઈ જહા દ્વારા ગૌરવ એવોર્ડમાં પધારેલા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત તથા કાર્યક્રમની ભૂમિકા રજુ કરવામાં આવી હતી. પૂજ્ય ભાઈશ્રી અને અતિથી વિશેષ ખંભાળિયા વિધાનસભાના ધારાસભ્ય તેમજ ગુજરાતના પર્યટન, વન, પર્યાવરણ અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે વિશેષ સંસ્કૃત અધ્યયન કેન્દ્ર - જે. એન. યુ. નવી દિલ્હીના અધ્યક્ષ પ્રો ડો.શશિપ્રભા કુમારનું બ્રહ્મર્ષિ એવોર્ડ, હીરાઉદ્યોગક્ષેત્રના ઉદ્યોગપતિ તથા કાશીબા હરિભાઈ ગોટી ચેરીટેબલ સુરતના સંસ્થાપક કેશવભાઈ હરિભાઈ ગોટીનું રાજર્ષિ એવોર્ડ તથા હિન્દુધર્મ આચાર્યસભાના સંયોજક અને મહામંત્રી તેમજ રાજકોટ અને અમદાવાદ શિવાનંદ આશ્રમના અધ્યક્ષ પ. પૂ. ડો. પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજનું દેવર્ષિ એવોર્ડ અર્પણ કરીને ભાવપૂજન કરવામાં આવ્યું હતું. આ સમ્માન એવા સંતો અને તપસ્વીઓને અર્પણ કરવામાં આવે છે જેમણે સૌની વચ્ચે રહીને સમાજને દિશા આપી છે. હાલમાં માનવીય મૂલ્યોના અભાવે માનવીની હાલત કફોડી બની છે. જો કે નિઃસ્વાર્થ સંતો જીવનનો માર્ગ બતાવીને સમાજને પતનથી બચાવી રહ્યા છે. સેવાકીય પ્રકલ્પો દ્વારા માનવતા માટે બલિદાન આપનાર એવા વિરલ સંતોના સત્ય વચનો, તેમના હૃદયમાંથી વહેતા પ્રેમનો અખંડ પ્રવાહ અને તેમનું તપસ્વી જીવન અનેક લોકોના જીવનમાં પરિવર્તન લાવે છે અને તેમને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. દેવર્ષિ નારદની જેમ, આવા સંતો 'નારાયણ-નારાયણ' નામનો જપ કરતા સમગ્ર વિશ્વમાં ભ્રમણ કરે છે, દરેકના હૃદયના તાર ઝણઝણાવે છે અને જ્યાં તેમના પગ પડે છે ત્યાં તે ભૂમિ પવિત્ર તીર્થ બની જાય છે. પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા જણાવે છે કે, 'ધર્મ, સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાની જાળવણી કરીને 'માનવતાની સેવા એ જ ભગવાનની સેવા' મંત્રને પોતાના જીવનમાં અમલમાં મૂકનાર આવી વિશેષ સંસ્થાઓ અને સદાચારી વ્યક્તિઓને દેવર્ષિ એવોર્ડ આપવામાં આવે છે. આપણને એવું લાગે છે કે જેણે પોતાનું હૃદય સેવામાં વાપર્યું છે તે દેવઋષિ છે. જેના હૃદયમાં પ્રેમ હોય છે તે હંમેશા ઈશ્વરી હોય છે. પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી પ.પૂ, સ્વામી દયાનંદ સરસ્વતીજીના વરિષ્ઠ શિષ્ય છે. પૂજ્ય સ્વામીજીએ પ.પૂ. સ્વામી દયાનંદ સરસ્વતીજીના માર્ગદર્શન હેઠળ વેદાંત, સંસ્કૃત અને યોગમાં વ્યાપક શિક્ષણ મેળવ્યું હતું. પૂજ્ય સ્વામીજી છેલ્લા ૪૩ વર્ષથી સમગ્ર ભારત અને વિશ્વમાં સમાજના વિવિધ વર્ગોને શાસ્ત્રો અને પ્રવચનો આપી રહ્યા છે. પ.પૂ. સ્વામીજી આર્ષ વિદ્યા મંદિર, રાજકોટ-અને-વડોદરા (ભારત) ના સ્થાપક અધ્યક્ષ, શિવાનંદ આશ્રમ અમદાવાદનાં પ્રમુખ છે - તેજ રીતે પ. પૂ. પરમાત્માનંદ સરસ્વતીજી હિંદુ ધર્માચાર્ય મહાસભાનાં આંતર રાષ્ટ્રીય કન્વીનર તેમજ મહામંત્રી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં રચાયેલ રાષ્ટ્રીય (અને રાજ્ય) "આઝાદી કા અમૃત મહોત્સવ સમિતિનાં સદસ્ય, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં રચાયેલ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે રાષ્ટ્રીય (અને રાજ્ય) સમિતિનાં સદસ્ય, આદિ શંકરાચાર્ય મેમોરિયલ ટ્રસ્ટ, મધ્ય પ્રદેશ સરકાર, ભારતનાં સદસ્ય, પંડિત દીન દયાલ જન્મ શતાબ્દી ઉજવણી માટેની રાષ્ટ્રીય સમિતિનાં સદસ્ય છે. પરમ પૂજ્ય સ્વામીજીએ ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ માટે આચાર્ય સભાની સફળ પહેલનું નેતૃત્વ કર્યુ છે. જેમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઘોષણા, રામ સેતુનું રક્ષણ-એક સાંસ્કૃતિક, પ્રાચીન વારસાનું સ્મારક, ભગવદપદ શ્રી આદિ શંકરાચાર્યજીની ૧૦૮ ફૂટ ઊંચી પ્રતિમાનું સ્થાપન, આધ્યાત્મિક શિક્ષણ અને સાંસ્કૃતિક કેન્દ્ર, ઓમકારેશ્વર, MP(ભારત) ખાતે નો સમાવેશ થાય છે. આ સાથે પૂજ્ય શ્રી સ્વામીજી મંદિરો અને ધાર્મિક સ્થળોને વિવિધ રાજ્ય સરકારોના નિયંત્રણમાંથી મુક્ત કરવા માટેના ચળવળનું અગ્રીમ નેતૃત્વ કરી રહ્યા છે. પૂજ્ય સ્વામીજીએ મુખ્ય વક્તા તરીકે વિશ્વ ભરમાં પ્રવાસ કરી અસંખ્ય પરિષદો અને કાર્યક્રમોમાં હાજરી આપી દેશનું પ્રતિનિધિત્વ કર્યુ છે. જેમ કે હિંદુ-યહુદી સંવાદ, દિલ્હી/જેરુસલેમ, ૪૮ સમિટ, કેનેડા, વિશ્વ ધર્મ પરિષદ, યુએન, જીનીવા, વિશ્વ હિંદુ પરિષદ, બાલી, શાંતિ, સંવાદિતા અને સુરક્ષા માટે આંતરધર્મ સંવાદ, મ્યાનમાર, પ્રાચીન પરંપરા સમકાલીન વાસ્તવિકતાઓ" ઇઝરાયેલ - એશિયા વિશ્વાસ નેતાઓની સમિટ ઇઝરાયેલ, નેતૃત્વ અને આધ્યાત્મિક ઈન્ટેલિજન્સ સેમિનાર, બ્રિટિશ સંસદ, યુ.કે વૈદિક સાંસ્કૃતિક પરિષદ, જાપાન, વિયેતનામ, કઝાકિસ્તાન અને કંબોડિયા સહિતના દેશોમાં અસંખ્ય પરિષદો અને કાર્યક્રમોમાં હાજરી આપી છે. પૂ. સ્વામીજીમાં સમાજના તમામ વર્ગો, યુવાનો, સાધકો, સરકારી અને કોર્પોરેટ અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને બાળકો સાથે સંવાદ સાધવાની અનન્ય ક્ષમતા છે. પૂ. સ્વામીજીએ સરકારી અધિકારીઓ, શિક્ષકો, કોર્પોરેટ વ્યાવસાયિકો અને સાધકો માટે અસંખ્ય તાલીમ કાર્યક્રમો પણ યોજ્યા છે. પૂજ્ય સ્વામીજીનું રાષ્ટ્ર નિર્માણ અને સમાજ ઘડતરમાં યોગદાન અનન્ય છે, જેમ કે મુમુક્ષુ(સાધકો) સરકારી કર્મચારીઓથી લઈને અધિકારીઓ સુધીના સમાજના દરેક વર્ગમાં ૨૫,૦૦૦ કલાકથી વધુ શિક્ષણ અને તાલીમ. કોર્પોરેટ એક્ઝિક્યુટિવ્સ, વિદ્યાર્થીઓ અને કાર્યકારી સ્ટાફને માટે, ૧૦ લાખથી વધુ લોકોએ શિબિરો, નિયમિત વર્ગો, સેમિનાર અને સામાજિક કાર્યક્રમો અને જાહેર વાર્તાલાપ દ્વારા આંતરિક વિકાસ માટે વેદાંતનું શિક્ષણ લીધું, ગુજરાત સરકારના ૧૦,૦૦૦ થી વધુ કર્મચારીઓ, પૂજ્ય સ્વામીજી દ્વારા આંતરવ્યક્તિત્વ કૌશલ્ય, તણાવ મુક્ત જીવન, અસરકારક સંચાર અને કાર્ય જીવન સંતુલન પર આયોજિત વિવિધ તાલીમ કાર્યક્રમો દ્વારા લાભ મેળવનાર કોર્પોરેટ્સની સંખ્યા, ૧૦,૦૦૦ થી વધુ યુવાનોએ જીવનના પાઠ, આંતરિક વૃદ્ધિ અને ઉદ્દેશ્ય સાથે જીવન માટે પદ્ધતિસરના વેદાંત અભ્યાસમાં ભાગ લીધો, ૧૪-૧૭ વર્ષની વય જૂથના ૨૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને જીવન કૌશલ્યો અને નૈતિક મૂલ્યોની તાલીમ આપી છે.

પૂ. શ્રી સ્વામીજીને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા "ડી લિટ" એનાયત કરવામાં આવ્યો છે. પૂ. શ્રી સ્વામીજીને ગુજરાત સરકાર દ્વારા સંસ્થાપિત "સાંસ્કૃતિક યોદ્ધા"નો પ્રથમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પૂજ્ય ભાઈશ્રીના સાન્નિધ્યમાં આયોજિત સાંદીપનિ ગૌરવ એવોર્ડ સમારોહના આ વિશેષ અવસર પર અતિથી વિશેષ ખંભાળિયા વિધાનસભાના ધારાસભ્ય તેમજ ગુજરાતના પર્યટન, વન, પર્યાવરણ અને સાંસ્કૃતિક બાબતો વિભાગના મંત્રી મુળુભાઈ બેરા, પોરબંદરના ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, જસ્ટીસ ત્રિપાઠીજી, રાજર્ષિ ડો. વિરમભાઈ ગોઢાણિયા, એવોર્ડ ચયન સમિતિના સભ્યો ભાગ્યેશભાઈ જહા, પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, સાંદીપનિના સંકુલના કો ઓર્ડિનેટર ડી. એચ. ગોયાણી, દેશ-વિદેશથી પધારેલા મહેમાનો, સાંદીપનિના ટ્રસ્ટીઓ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી. પૂજ્ય ભાઈશ્રીના સાન્નિધ્યમાં સાંદીપનિ એવોર્ડ આપવાની પરંપરા વર્ષ ૧૯૯૬ થી સતત ચાલી રહી છે. આ ભવપૂજન માટે મહાનુભાવોની પસંદગીની પ્રક્રિયાને તાર્કિક અને વ્યવસ્થિત બનાવવા માટે પસંદગી સમિતિની સ્થાપના કરવામાં આવી છે. જેમાં શિક્ષણ, સમાજ સેવા અને સાહિત્ય ક્ષેત્રની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સભ્ય છે.

# બોલેરો વાહનના પૈસા બાબતે માંગરોળ પોલીસ એએસઆઈ મેવાડાએ મુસ્લિમ યુવકને માર મારતા સારવાર હેઠળ

## મેં યુવક સાથે મારામારી કરી નથી : એએસઆઈ મેવાડા



(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ તા.પ

જૂનાગઢ જિલ્લાના માંગરોળ પોલીસ સ્ટેશનના એએસઆઈ અવિનાશ મેવાડાએ લઘુમતી મુસ્લિમ યુવકને માર મારતા સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. યુવાને પ્રાથમિક સારવાર માંગરોળ સિવિલમાં અને ત્યારબાદ જુનાગઢ વધુ સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બાબતે મુસ્લિમ યુવકે એએસઆઈ મેવાડા વિરૂદ્ધ કાયદાકીય પગલા લેવા ફરિયાદ કરી છે. આ બાબતે એએસઆઈ મેવાડા તેમના બચાવમાં જણાવે છે કે મેં યુવક સાથે મારામારી કરી નથી. જોકે અગાઉ ૨૦૨૦ મા લોકડાઉન સમયે પણ એક મુસ્લિમ યુવકને મેવાડાએ ઢોર માર મારતા છ મહિના સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ બાબતની પીડીત યુવક પાસેથી જાણવા મળતી વિગતો એવી છે કે માંગરોળના નાગદા વિસ્તારમાં રહેતા યુનૂસ સુલેમાન કાલવાતે જણાવ્યું હતું કે તેઓએ ઈબ્રાહીમભાઈ પાસેથી બોલેરો ખરીદય હતો જેમાં બાકીના ૧૬ હજાર ચુકતે કરીને લખાણ કરવાનું હતુ. પરંતુ સામેવાળી વ્યક્તિએ પોલીસ લાગવાગ કરીને પોલીસમાંથી ફોન કરાવી મને ડરાવવાની કોશિશ કરી હતી. પીડિત યુવકે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, આ બાબતે માંગરોળ પોલીસના એએસઆઈ મેવાડાએ મને ફોન કરીને પોલીસ સ્ટેશને આવવાનું કહ્યુ ત્યારે હૂં પોરબંદર જતો હતો તો પોલીસે મને લાઈવ લોકેશન નાખવાનું દબાણ કર્યું. એ પછી બીજા દિવસે ફરી પોલીસમેન મેવાડાએ મને ફોન કરીને માંગરોળ પોલીસ સ્ટેશનમાં બોલતા હું ત્યાં ગયો અને મેં કહ્યું કે હું પૈસા આપવા તૈયાર છું પરંતુ મને લખાણ કરી આપો. આ યુવકે આક્ષેપ કર્તા વધુમાં જણાવ્યું હતું કે મેવાડાએ મારી કોઈ પણ વાત સાંભળવાનો ઈન્કાર કરી મારા માથાના વાળ ખેંચીને મારા માથામાં ઘૂસતા મારવા લાગ્યો હતો મને માથામાં, પેટમાં અને કમરમાં ઘુસતા અને લાતો મારી પૈસા આપી દેવા દબાણ કર્યું હતું. મેવાડાની બાજુમાં ઉભેલા સાહેબે કહ્યું કે મારામારી ના કરો છતા તેમણે મને બેરહેમીપૂર્વક માર મારતા મારી હાલત ગંભીર બની ગઈ હતી. એ પછી મને ત્યાંથી મારા સંબંધીઓ મને ઘરે લઈ ગયા ત્યા મને ઉલ્ટીઓ થવા લાગતાં મને માંગરોળ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા. ત્યાંથી મને જુનાગઢ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. મારા માથામાં સોજા આવી ગયા છે. આ બાબતે અમે માંગરોળ પોલીસમાં ફરિયાદ કરી પરંતુ કોઈ પણ અમારી ફરીયાદ લેવા આવ્યા નહી. હાલ હું જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છું અને જુનાગઢ પોલીસે મારૂ નિવેદન લેધુ છે. આ લખાય રહ્યું છે ત્યારે યુવકને વધુ સારવાર માટે રાજકોટ જઈ રહ્યા હોવાનું તેઓના સંબંધીઓ એ જણાવ્યું છે. આ ઘટના બાબતે એએસઆઈ અવિનાશ મેવાડાએ તેમના બચાવમાં જણાવ્યું હતું કે મેં એમની સાથે કોઈ મારામારી કરી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક વર્ષથી માંગરોળ લઘુમતી સમુદાયના લોકો ઉપર પોલીસના દમનના કીસ્સાઓમા નોંધપાત્ર વધારો થતો જોવા મળી રહ્યો છે. અગાઉ ૨૦૨૦ લોકડાઉન સમયે પણ એએસઆઈ મેવાડાએ માંગરોળના મુસ્લિમ યુવકને બીડી તંબાકુ બાબતે ઢોર માર મારતા છ મહિના સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# વિશ્વ કેન્સર દિવસ નિમિતે માળીયાહાટીના તાલુકાના આરોગ્ય કર્મચારીઓનું બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.પ

વિશ્વ કેન્સર દિવસ ઉજવણી અંતર્ગત માળિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગડુ ખાતે આશીર્વાદ ચેરીટેબલ ટ્રસ્ટ અને તાલુકા હેલ્થ ઓફિસ માળિયા દ્વારા માળિયા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ નું બ્રેસ્ટ કેન્સર સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મચારીઓને બ્રેસ્ટ કેન્સર અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે તાલુકાના મેડિકલ ઓફિસરો પણ હાજર રહેલ હતા.

આ સ્કીનીંગ કેમ્પ યોજાયો ડો.આભા મલ્હોત્રાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમા આશીર્વાદ ચેરીટેબલ ટ્રસ્ટના વર્ષાબેન દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

## દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સમૂહ લગ્ન કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.પ

દ્વારકાના જગતમંદિરમાં ભગવાન કાળિયા ઠાકોરની સેવાપૂજા કરતા શ્રી દ્વારકા ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આયોજિત સમૂહ લગ્ન પ્રસંગ દ્વારકા સ્વામિનારાયણ મંદિરની પાછળ નગરપાલિકા ગ્રાઉન્ડમાં ભવ્ય રીતે સંપન્ન થયો છે. આ લગ્નોત્સવમાં ચૌલ સંસ્કાર, યજ્ઞોપવિત સંસ્કાર, વિવાહ સંસ્કાર વિગેરે ૪૬ જેટલા પ્રસંગો સંપન્ન યોજાયા હતા. આ પ્રસંગે શંકરાચાર્ય સ્વરૂપાનંદજી સરસ્વતીજી મહારાજના આશીર્વાદ વચન પ્રયાગરાજ મહાકુંભથી પ્રાપ્ત થયા હતા. દ્વારકા સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી ગોવિંદપ્રસાદ, માધવપ્રસાદ સ્વામીએ ઉપસ્થિત રહીને જ્ઞાતિને આશીર્વચન પાઠવ્યા હતા.

# માળીયા હાટીનાના લાડુડી ગામે યુવાન ઉપર હુમલો : ૧૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.પ

માળીયા હાટીનાના લાડુડી ગામે સીમમાં લીધેલ જમીનની માપણી કરવા ગયેલ યુવાન સહિતનાઓ ઉપર હુમલો કર્યાની ૧૩ વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે હરસુખભાઈ ગોવીંદભાઈ કળથીયાએ હરસુખભાઈ મેણસીભાઈ વાજા, કિશોર ભીખાભાઈ વાજા, લખમણ પુંજાભાઈ વાજા, પકાભાઈ ગોવીંદભાઈ વાજા, મેરામણભાઈ જીણાભાઈ વાજા, કાનાભાઈ મેરામણભાઈ વાજા, રમેશભાઈ જીણાભાઈ વાજા, ભાણાભાઈ મેણસીભાઈ વાજા, રમેશ લાખાભાઈ વાજા, કરશન જીણાભાઈ વાજા, મનુભાઈ રાજાભાઈ વાજા, રાણીબેન મેરામણભાઈ, જયાબેન રામા સહિત અન્ય આઠ-દશ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી લાડુડી ગામે ખેતીની જમીન લીધેલ હોય જેની માપણી કરવા ગયેલ ત્યારે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી જમીન માપણી કરવા દીધેલ નહી અને ગાળાગાળી કરી, ઢીકાપાટુનો મારમારી, ફરીયાદી અને સાહેદની કારના કાચ તોડી નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૬ દાયકાથી સમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિ અને ભય દુર કરવાના ઉતમ ઉદેશ્ય સાથે

# સંપૂર્ણ અત્યાધુનિક-સુવિધાસંપન્ન અને કેન્સરના નિપુર્ણ તજજ્ઞોની ટીમ સાથે શ્રેષ્ઠ સારવાર પુરી પાડવી એજ રાજકોટ કેન્સર સોસાયટીનો મુખ્ય ધ્યેય : મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા

## ૧૯૬૯થી સતત પ્રગતિશીલ સફર એ દર્દીનો હોસ્પિટલ પ્રત્યેનો ભરોસો વ્યકત કરે છે : વૈશ્વિકસ્તરે વર્ષ ૨૦૩૦ સુધીમાં કેન્સરના ૨.૪૬ લાખ નવા કેસોની સંભાવના યુ.આઈ.સી.સી. દ્વારા રજુ કરેલ છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા પ







સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા ૬ દાયકાથી સમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિ અને ભય દુર કરવાના ઉતમ ઉદેશ્ય સાથે "વિશ્વ કેન્સર દિવસ દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદેશ્ય સમાજમાં કેન્સર પ્રત્યેની જાગૃતિ અને ભય દુર કરવાનો છે. જેના માટે રાજકોટ કેન્સર સોસાયટી સતત કાર્યશીલ અને સંવેદનશીલ છે. સંપૂર્ણ અત્યાધુનિક-સુવિધાસંપન્ન અને કેન્સરના નિપુર્ણ તજજ્ઞોની ટીમ સાથે શ્રેષ્ઠ સારવાર પુરી પાડવી એજ રાજકોટની નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલનો મુખ્ય ધ્યેય છે. જેને આપણે "રાજકોટ કેન્સર સોસાયટી ના નામથી ઓળખીયે છીએ. રાજકોટ કેન્સર સોસાયટીની સ્થાપના ૧૯૬૯માં કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદેશ્ય જરૂરીયાતમંદ અને ઓછી આવક ધરાવતા દર્દીઓને વ્યાજબી ભાવે ગુણવત્તાયુકત સારવાર પુરી પાડવાનો છે તેમ "વિશ્વ કેન્સર દિવર્સ નિમીતે આયોજીત પત્રકાર પરિષદમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાએ માહિતી આપતા જણાવેલ. ડો.ખ્યાતી વસાવડાએ વધુમાં જણાવેલ કે, કેન્સરના દર્દીઓ રાજકોટ કેન્સર સોસાયટી ખાતે સારવાર લેવાનું પસંદ કરે છે જેનું મુખ્ય કારણ છે કે કેન્સર માટેની સંપુર્ણ સારવાર એકછત્ર હેઠળ પુરી પાડવામાં આવે છે, તથા અનુભવિ અને નિષ્ણાંત તબીબોની ટીમ ઉપલબ્ધ છે, અતિ આધુનિક સાધનો અને સુવિધા ઉપલબ્ધ છે આ ઉપરાંત હુંફાળુ, હકારાત્મક અને પારિવારીક વાતાવરણ દર્દીઓ અનુભવે છે જે કેન્સરને હરાવવા માટે પર્યાપ્ત છે.તથા જયારે દર્દીને કેન્સર માલુમ થાય ત્યારે ફકત દર્દી જ નહીં પરંતુ તેનો પરિવાર પણ માનસીક અને આર્થિક રીતે કપરી પરિસ્થિતીનો સામનો કરતા હોય છે તેવા સમયે પણ રાજકોટ કેન્સર સોસાયટી તેમને તબીબી અને પારિવારીક ટેકો પુરો પાડે છે. રાજકોટ કેન્સર સોસાયટી ખાતે કેન્સરને થતું અટકાવવાના ઉપાયથી લઈને કેન્સરનાઅતિ ગંભીર દર્દીઓની પીડારહિત સારવાર કરી તેના જીવનની ગુણવત્તા સુધારવાના પ્રયાસો કરવામાં આવે છે. આ વર્ષની વિશેષ થીમ છે "UNITED BY UNIQUE" જેની વિશ્વસ્તરે ત્રણ વર્ષ સુધી ઝુંબેશ ચાલશે જેનો મુખ્ય ઉદેશ્ય એ છે કે કેન્સરગ્રસ્ત દર્દીનાનિદાન અનેસારવારથી વધુ દર્દીનાવ્યકિતગત અનુભવો, લાગણીઓ અને આકાંક્ષાઓ ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરવું. કારણ કે દરેક વ્યકિતની વિશિષ્ટતાઓ અલગ હોય છે તેથી ફકત તેમની તબીબી અથવા માનસિક સ્વાથ્યની સ્થિતીઓ ઉપરાંત તેને વ્યકિત તરીકે ઓળખવા એ આ ઝુંબેશનો મુખ્ય હેતુ છે. દર્દીની સારવારની સફર અલગ અલગ હોય શકે પરંતુ તેનુ લક્ષ્ય ફકત કેન્સરને હરાવવાનું છે તેથી અનન્ય પરંતુ સંયુકત રહી લક્ષ્ય પ્રાપ્ત કરવા આ વિશેષ થીમ પ્રોત્સાહન પ્રદાન કરે છે. છેલ્લા ૨ વર્ષમાં રાજકોટ કેન્સર સોસાયટી એ કેન્સરનાનિદાન અને સારવારમાં હરણફાળ ભરેલ છે જેમાં કેન્સરને થતું અટકાવવાના પ્રયત્નો તથા તેની આંતરરાષ્ટ્રીય પધ્ધતી મુજબની સારવાર કરવામાં આવે છે. હાલમાં રોજના કેન્સરના ૧૨ થી૧૫ ઓપરેશન, ૧૦૦ જેટલી કિમોથેરાપી અને ૨૦૦ જેટલા રેડીએશન(શેક) આપવામાં આવે છે. તાજેતરમાં જ આ હોસ્પિટલને એન.એ.બી.એચ.દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે જે દર્દીની સારવાર માટે ઉચ્ચગુણવત્તા, સલામતી અને નિરંતર સુધારણા નિશ્ચિત કરે છે. આ ઉપરાંત UICC(યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ)માં પણ સભ્યતામેળવવા પહેલ કરેલ છે. તથા કુંડારીયા કેન્સર પ્રીવેન્સન ફાઉન્ડેશન કેન્સરનીજાગૃતિ ફેલાવવા માટે રાજકોટ કેન્સર સોસાયટીના એક ભાગરૂપી કાર્યરત છે. રાજકોટ કેન્સર સોસાયટીની વર્ષ ૧૯૬૯માં કિશાનપરા ચોકમાં નાના હોસ્પિટલની શરૂઆતથી લઈ આજે હનુમાન મઢી ચોક નજીક ૮ માળની હોસ્પિટલ સુધીની સફર દર્દીઓનો હોસ્પિટલ પ્રત્યેનો ભરોસો વ્યકત કરે છે. જે રાજકોટ કેન્સર સોસાયટી હંમેશા અકબંધ રાખશે અને કેન્સર સામેની લડત લડતી રહેશે. આ પત્રકાર પરિષદમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા, ચેરમેન, ગવર્નીંગ કાઉન્સીલના સભ્યો અને ડોકટરો ઉપસ્થિત રહેલ હતા.

# જૂનાગઢમાં રઘુવંશી સમાજના સમુહ લગ્ન અને યજ્ઞો પવિત કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.પ

જૂનાગઢ લોહાણા મહાજન તથા રઘુવંશી જ્ઞાતિ સંસ્થાઓના સહકારથી આગામી તા.૧૦ મેને શનીવારે ૪૩માં સમૂહ લગ્ન યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રઘુવંશી પરિવારો માટે યોજાનાર કાર્યક્રમ તદન નિશુલ્ક યોજવામાં આવશે. આ પ્રસંગમાં શાશ્વત બ્રાહ્મણ જ્ઞાતિના લોકો પણ જોડાઈ શકશે. સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતમાં ભાગ લેવા માટે ફોર્મ લોહાણા મહાજન વાડી ખાતેથી સવારે ૧૦થી૧ અને બપોરે ૪થી૮ વાગ્યા સુધીમાં મેળવી શકશે.અને કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે ૦૨૮૫-૨૬૨૧૧૯૭ તથા પંકજભાઈ ભટેચા પંચહાટડી ચોક(મુકેશ સ્વીટ માર્ટ) ૯૯૦૯૪૬૨૦૪૧નો સંપર્ક કરવા લોહાણા મહાજનના મહામંત્રી નંદલાલભાઈ ચોલેરાએ યાદીમાં જણાવ્યું છે.

## બાંટવા પાલિકામાં ૨૪ સીટોમાંથી ૧૩ સીટો બિનહરીફ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.પ

બાંટવા પાલિકામાં ૬ વોર્ડ અને ૨૪ સભ્યોના ચૂંટણી માટે ફોર્મ ભરાયા હતા. જેમાં વોર્ડ-૧માં ૪ સીટો, વોર્ડ-૨માં ૩ સીટ, વોર્ડ-૬માં ૪ સીટોમાં ચૂંટણી યોજાશે. જેમાં વોર્ડ-૩, ૪, ૫ ત્રણેયમાં અને બધા બિનહરીફ થતા ૧૨ સભ્યો થયા. વોર્ડ-૨માં ૧ સીટ બિનહરીફ થતા ટોટલ ૧૩ સીટો બીજેપીનો વાવટો ફરકયો છે. બાંટવા પાલિકામાં વોર્ડ-૧, ૨, ૬માં બાકી રહેલ ૧૧ સીટો માટે ચૂંટણી થશે.

# સોમનાથ ખાતે તા.૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના મહાશિવરાત્રીના અવસર ઉપર 'સોમનાથ મહોત્સવ' યોજાશે

## જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને 'સોમનાથ મહોત્સવ'ની તૈયારીઓ સંદર્ભમાં બેઠક યોજાઈ




ગીર સોમનાથ, તા.૫

સોમનાથ પ્રથમ જ્યોતિર્લિંગ હોવા સાથે સમગ્ર દેશમાં પરમ શ્રદ્ધેય સ્થાન છે. મહાશિવરાત્રી દરમિયાન દેશભરમાંથી અહીં શ્રદ્ધાળુઓ ભગવાન સોમનાથના દર્શન માટે વધારે છે. દેશ દેશાવરથી આવતાં શ્રદ્ધાળુઓ શ્રદ્ધા સાથે ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને કલા વૈભવથી પણ પરિચિત બને તેવા ભાવ સાથે કલા સાથે આરાધનાના સંગમરૂપ ત્રી-દિવસીય (આગામી તા.૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી) દરમિયાન 'સોમનાથ મહોત્સવ'નું આયોજન કરવામાં આવનાર છે.


સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આવેલાં પ્રાંગણમાં યોજાનાર મહોત્સવની તૈયારીઓના સંદર્ભમાં આજે બેઠક પ્રાંત કચેરી, વેરાવળ ખાતે યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં કલેક્ટરે ત્રણ દિવસના મહોત્સવની તૈયારીને આખરી ઓપ આપવા માટે જરૂરી માર્ગદર્શન ઉપસ્થિત અધિકારીઓને આપ્યું હતું.


આ બેઠકમાં જુદા-જુદા સ્થળોએ વેલકમ ગેઈટ, સિમ્બોલિક ગેઈટ, અગ્નિશામક સાધનો, આરોગ્યને લગતી પ્રાથમિક સારવાર, વીજ જોડાણ, પાણી પુરવઠો, કાયદો અને વ્યવસ્થા, જરૂરી ટ્રાફિક નિયમન, પાર્કિંગ, ગ્રાઉન્ડ ખાતે સાફ-સફાઈ સંબંધિત આનુષાંગિક વ્યવસ્થાઓ માટે જરૂરી સૂચનાઓ કલેક્ટર શ્રી એ વિવિધ વિભાગના અધિકારીઓને આપી હતી. આગામી તા.૨૪, ૨૫ અને ૨૬ ફેબ્રુઆરીના રોજ યોજાનાર આ મહોત્સવમાં નૃત્ય સહિતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવનાર છે. જેનાથી શ્રદ્ધાળુઓને આરાધના સાથે શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાને જાણવાનો અને માણવાનો અવસર ઉપલબ્ધ થશે.

આ મહોત્સવ દરમિયાન જે રીતે 'ગંગા આરતી' કરવામાં આવે છે. તે જ તર્જ પર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા 'સાગર આરતી' નું આયોજન કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રવાસન નિગમના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દ્વારા ખજુરાહો મહોત્સવ, કોનાર્ક મહોત્સવની જેમ સોમનાથ ખાતે મહાશિવરાત્રી દરમિયાન આ નૃત્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, પ્રાંત અધિકારી વિનોદ જોષી, નાયબ કલેક્ટર એફ.જે.માંકડા, પુરવઠા અધિકારી પારસ વાંદા, માર્ગ એન્ડ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર સુનિલ મકવાણા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે ખોડીયાર જયંતીની ભાવભર ઉજવણી





જૂનાગઢ, તા.૫

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે આઈ શ્રી ખોડીયાર માતાજીની જયંતિની ભાવભર ઉજવણી કરવામાં આવી રહી છે. આઈ શ્રી ખોડીયાર માતાજીના વિવિધ શહેરોમાં આવેલા સ્થાનક ખાતે અનેકવિધ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. જૂનાગઢ શહેરમાં કૃષિ યુનિવર્સિટી ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર ખામધ્રોળ વિસ્તારમાં આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર તેમજ ઉપરકોટ ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર અને ભાવનગર જિલ્લાના રાજપરા નજીક આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર ખાતે આજે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ખાસ કરીને વહેલી સવારે માતાજીની પૂજા અર્ચના તેમજ પ્રસાદનો અને ભક્તિ સભર કાર્યક્રમમાં યોજવામાં આવી રહ્યા છે. માટેલધરા ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે તેમજ ગળધરા ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિર અને કાગવડ ખોડલધામ ખાતે આવેલા આઈ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે પણ અનેકવિધ કાર્યક્રમ આજે યોજવામાં આવી રહ્યા છે.

મહમાસના એટલે કે માઘનવરત્રી પર્વ પ્રસંગે માતાજીના મંદિરોમાં અનેકવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. વિવિધ સ્વરૂપે બિરાજતા માતાજીના મંદિર માં નવરાત્રી દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવે છે અને ભાવિક સવારથી જ દર્શન ન લાભ લેતા હોય છે . મહાસુદ આઠમ એટલે કે આઠ મનો દિવસ છે. આજના દિવસે ખાસ કરીને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે આજે આઠમના દિવસનું અનેક ગણું મહત્વ છે. હાજરા હજૂર અને ભક્તજનોની મનોકામના પૂર્ણ કરનાર આઈ શ્રી ખોડીયાર માતાજીની આજે જયંતી મનાવવામાં આવી રહી છે. ખૂબ જ ઉત્સાહ ભર્યા માહોલ વચ્ચે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આઈશ્રી ખોડીયાર માતાજીની જયંતીભાઈ ભાવભર ઉજવણી કરવામાં આવી રહી છે.

# રોટરી ક્લબ અને ઇનાલી ફાઉન્ડેશન દ્વારા ૪૬ વ્યક્તિઓને બેટરી સંચાલિત કૃત્રિમ હાથ નિઃશુલ્ક ફીટ કરવામાં આવ્યા



જૂનાગઢ, તા. ૫

જૂનાગઢ એટલે સેવા, પરમાર્થ અને ભજન-ભોજન અને ભક્તિની ભુમિ છે એવુ સાંભળતા રહ્યા છીએ, બસ આ વાતને ચરિતાર્થ કરતી બાબત રોટરી અને ઈનાલી ફાઉન્ડેશન દ્વારા હાથ કપાઈ ગયેલ વ્યકિત જીવન જરૂરી કાર્યો પોતાની રીતે કરી શકે તેવા ઉમદા હેતુથી બેટરી સંચાલિત કૃત્રિમ હાથ ફીટ કરવાનો કેમ્પ આયોજીત થયો. જેમાં જૂનાગઢ તથા આજુબાજુના ગામોના ૪૬ વ્યકિત ઓને બેટરી સંચાલિત કૃત્રિમ હાથ તદન નિઃશુલ્ક ફીટ કરી આપવામાં આવેલ. આ કેમ્પ દરમ્યાન જેમનો હાથ કોણીએથી કપાઈ ગયેલ હોય તેમનું અગાઉથી રજીસ્ટ્રેશન કરવામાં આવેલ અને તેમને આ કેમ્પ દરમ્યાન હાથ ફીટ કરી આપવામાં આવેલ. હાથ ફીટ કર્યા બાદ તેમને આ કૃત્રિમ હાથ વાપરવાની ટ્રેનિંગ પણ ઈનાલિ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી હતી. સૌરાષ્ટ્રભરમાં આ ચોથો કેમ્પ હતો અ કેમ્પનું ઉદ્દ્ઘાટન આમંત્રિત મહેમાનો દિવ્યાંગો તથા રોટરી મેમ્બર્સની હાજરીમાં દીપ પ્રગટાવી કરવામાં આવેલ. કેમ્પ ને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેર ડો. નિરવ મારડિયા તેમજ હિતેશભાઈ ગઝ્ઝર, બીપીનભાઈ કણસાગરા, કેતનભાઈ દોશી, ડો મયંક શાહ, દીપક મુલચંદાણી, પ્રકાશ ચોથાણી, પરેશભાઈ રૂગાણી વગેરેએ જહેમત ઉઠાવી હતી. રોટ્રેક્ટ પ્રમુખ સંજય આહુંજા, સિદ્ધિ કિકાણી, કોમલ મુલચંદાણી પણ સાથ અંને સહકાર આપેલ. કેમ્પની પૂર્ણાહુતિ બાદ રોટરી ક્લબ ઓફ પુના ડાઉન ટાઉન સાથે રોટરી ફલેગ એક્સચેન્જ કરવામાં આવેલ તથા રોટરી ક્લબ ઓફ પુને ડાઉન ટાઉન તથા ઈનાલી ફાઉન્ડેશનના સભ્યોને મોમેન્ટો આપી સન્માનિત પણ કરવામાં આવેલ. બેટરી સંચાલિત કૃત્રિમ હાથના લાભાર્થીઓનો આનંદ ચહેરા પર પરખાતો જોવા મળ્યો હતો. તેમ રોટરી ક્લબ સેક્રેટરી હેમાંગ શાહ તેમજ પ્રમુખ મનસુખ કયાડાની યાદી જણાવાયુ હતું.

# લોઢવા ગામે આહિર સમાજના છઠ્ઠા સમુહ લગ્ન ધામધુમથી સંપન્ન

## ૨૧ નવ દંપતિઓએ નવી કેડી કંડારી, તાલાળાના ધારાસભ્ય સહિત સમાજ શ્રીષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા





(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૫

અત્યારના મોંઘવારીના યુગમાં તથા અન્ય સમાજની હરોળમાં સમાજ ઉભી શકે અને ધનવાન અને ગરીબ લોકો વચ્ચે ખાઈ બુરવા તથા ગરીબ લોકોની દિકરીના પણ લગ્ન ધનવાનની દિકરીના લગ્નની જેમ ધામધુમ પૂર્વક થાય તેવા હેતુસર લોઢવા આહીર સમાજ સમુહલગ્ન સમિતિ દ્વારા છેલ્લા ૬ વર્ષથી લોઢવા ગામે સમુહલગ્નનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ લોઢવા આહીર સમાજના છઠ્ઠા સમુહ લગ્ન ધામધુમ પૂર્વક સંપન્ન થયા છે. આ સમુહ લગ્નમાં ૨૧ નવ દંપતિઓ જોડયેલા હતા, આ સમુહલગ્નમાં જોડાયેલા તમામ કન્યાને સમુહ લગ્ન સમિતિ દ્વારા ૩૧ નાની-મોટી ઘર ઉપયોગી વસ્તુનું કરીયાવર પણ આપવામાં આવેલ અને આ કનયાને સરકારની યોજના કુવરબાઈના મામેરૂ તથા સપ્તપદીનો લાભ સમિતિ દ્વારા દર વર્ષે આપવામાં આવે છે તેમજ સ્થળ ઉપર લગ્ન નોંધણીનું દાખલો પણ આપવામાં આવે છે. લગ્નના આગલા દિવસે રાત્રીના સમુહ દાંડીયારાસની પણ રમઝટ બોલવેલ. આ પ્રસંગે તાલાળા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનજીભાઈ બારડ, ગીર સોમનાથ જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, ગીર સોમનાથ જીલ્લા પંચાયત સભ્ય વિક્રમભાઈ પટાટ, અભયભાઈ જોટવા, આમ આદમી પાર્ટીના રાજયના ઉપપ્રમુખ જગમાલભાઈ વાળા, લોઢવાના આહિર અગ્રણી રાજાભાઈ વાઢેર, લોઢવા જીલ્લા પંચાયત સભ્ય જાદવભાઈ ભોળા, શિક્ષક સંઘ માજી પ્રમુખ રામસીભાઈ, તાલુકા પંચાયત સભ્ય રામભાઈ વાઢેર, મહેન્દ્રભાઈ રામ, જશુભાઈ સોલંકી, ગામના સરપંચ હીરાભાઈ, માજી સરપંચ ગોવિંદભાઈ ભોળા, આજુબાજુના ગામના સરપંચ તથા આહિર આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમુહ લગ્નને સફળ બનાવવા માટે સમુહ લગ્ન સમિતિ તથા તમામ સભ્યો તથા ગામના વડીલો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી સફળ બનાવવા બાદલ તમામ અગ્રણીઓ તમામને અભિનંદન આપવામાં આવ્યા હતા. અંતમાં લોઢવા આહિર સમાજ સમુહ લગ્ન સમિતિના તમામ કાર્યકરોવતી પ્રમુખ મેરૂભાઈ વાળાએ અહી ઉપસ્થિત તમામ આગેવાનો તથા ઉપસ્થિત તમામ લોકોનો તથા સમુહલગ્નમાં જોડાયેલા તમામ નવ દંપતિનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની શૈક્ષણિક મુલાકાત લેતા કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિક ડો.એન્થોની જે. જિયોર્દાનો

**આબોહવા અને જમીન-આવરણના ફેરફારથી જૈવ વિવિધતાનાં જ્ઞાનસભર નુતન વિષયોનું અન્વેષણ કરવા, સાથે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક વિકાસમાં નિપુણતાનું સ્તર વિકસાવવાની તક અંગે ડો.એન્થોની જે. જિયોર્દાનો સાથેનો સંવાદ બનશે ફળદાયી : પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરા**





જૂનાગઢ, તા.૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વિદ્યાર્થીઓ, શોધ સ્કોલર્સઅને પ્રાધ્યાપકો સાથે આજે અમેરીકાની કોલોરાડો સ્ટેટ યુનિવર્સીટીનાંડો.એન્થોની જે. જિયોર્દાનોએ શૈક્ષણીક મુલાકાત લઈ સંવાદ સાધ્યો હતો.

કોલોરાડો સ્ટેટ યુનિ.નાં ઉષ્ણકટિબંધીય ઈકોલોજી અને સંરક્ષણ, શિકારી-શિકાર સંબંધોમાં માનવ અને માંસાહારી પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ અને સહયોગ અંગેનાં તજજ્ઞ સંશોધક પ્રો.(ડો.) એન્થોની જે. જિયોર્દાનોએ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની મુલાકાત વેળાએ કુલપતિ પ્રો.(ડો.) અતુલભાઈ બાપોદરાને મળી યુનિ.ની શૈક્ષણિક પ્રવૃતિની જાણકારી મેળવી હતી.ડો. અતુલભાઈ બાપોદરાએ પ્રો.એન્થોની જે. જિયોર્દાનોને શાલ, સ્મૃતિભેટ અને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા.આ મુલાકાત અંગે ડો. બાપોદરાએ જણાવ્યુ હતુ કેવન્યજીવસૃષ્ટી-પ્રાણીસૃષ્ટી અને ઈકોલોજી વિષયે અભ્યાસરત છાત્રોને આક્રમક પ્રજાતિઓની વહેલી શોધ અને ઝડપી પ્રતિસાદ માટે ક્ષમતાઓને આગળ વધારવી જેવા વિષયોનાં જ્ઞાનસભર સંવાદ થકી આબોહવા અને જમીન-આવરણના ફેરફારથી જૈવ વિવિધતાનાં જ્ઞાનસભર નુતન વિષયોનું અન્વેષણ કરવા, સાથે વિદ્યાર્થીઓને વ્યાવસાયિક વિકાસમાં નિપુણતાનું સ્તર વિકસાવવાની તક અંગે એન્થોની જે. જિયોર્દાનો સાથેનો સંવાદ ફળદાયી બનશે.

લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) સુહાસ વ્યાસે કોલોરાડો સ્ટેટ યુનિ.નાં એન્થોની જે. જિયોર્દાનોની ઉષ્ણકટિબંધીય વરસાદી સસ્તન પ્રાણીઓ પર શિકારઅને લૉગિંગની અસરનો સહસંબંધ અને દ્રઢતા, સંરક્ષણ જીવવિજ્ઞાન, આબોહવા અને જમીન-આવરણના ફેરફારથી જૈવવિવિધતાના હોટસ્પોટને સુરક્ષિત રાખવા માટે લક્ષિત સંરક્ષણ ટેકનોલોજી નવીનતા,લોગીંગ અને એજ ઈફેક્ટ્સ માટે મોટા સસ્તન પ્રાણીઓના વિભેદક પ્રતિભાવો, જંગલ અને બિન-જંગલ વિસ્તારોમાં પ્લાઝમોડિયમ નોલેસી મેલેરિયાના મકાક યજમાનો અને મચ્છર વેક્ટરના ભૌગોલિક વિતરણની આગાહી જેવા સંશોધનોનો અંગે વિદ્યાર્થી સાથે પરિચય કરાવી પુષ્પ અને યુનિ.ડાયરીભેટ કરી સત્કાર્યા હતા.

આ તકે અમેરીકાની કોલોરાડો સ્ટેટ યુનિવર્સીટીનાં ડો.એન્થોની જે. જિયોર્દાનોએ પ્રાધ્યાપક ડો. રાજેશ રવિયા, ડો. જતીન રાવલ, ડો. સંદિપ ગામિત, સાવન ટાંક, તરલા ચુડાસમા, અભય પરમાર અને પીએચ.ડી. તેમજ અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શોધસ્કોલર્સ, સાથે વાત કરતા જણાવ્યુ હતુ કેજૈવવિવિધતાએ સજીવની વચ્ચે જોવા મળતી વિવિધતા છે, જેમાં પ્રજાતિઓ અને તેમના ઈકોસિસ્ટમ્સ વચ્ચેની ત્રણ જાતોની જૈવવિવિધતામાં આનુવંશિક વિવિધતા, વંશીય વિવિધતાઅને ઈકોસિસ્ટમ વિવિધતા મહત્વની છે.કોઈપણ વિશિષ્ટ સમુદાય અથવા ઈકોસિસ્ટમના યોગ્ય કાર્ય માટે, વંશીય વિવિધતા હોવી જરૂરી છે. ઈકોલોજીકલ વિવિધતા એ પૃથ્વી પર જોવા મળતી ઈકોસિસ્ટમ્સમાં વિવિધતા છે જેમાં પ્રજાતિઓ રહે છે. ઈકોલોજીકલ વિવિધતા વિવિધ બાયો-ભૌગોલિક પ્રદેશોમાં જેમ કે તળાવો, રણ, રસ્તો, વગેરેમાં પ્રતિબિંબિત થાય છે.જૈવવિવિધતાનું માનવ જીવનમાં મહત્વનું સ્થાન છે. પૃથ્વી પર માનવ જીવન જૈવવિવિધતા વિના અશક્ય છે,ડો.એન્થોની જે. જિયોર્દાનોએ ભારતદેશનાં સિંહ સંવર્ધન અને સંસ્કૃતિમાં પ્રકૃતિ-પ્રાણી-વનસ્પતિનું અદકેરૂ સ્થાન સરાહનિય છે તેમ કહી ભારતનાં પ્રશાસન અને લોકોને બિરદાવ્યા હતા. ડો.એન્થોની જે. જિયોર્દાનોએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ દરમ્યાન કેમેરા ટ્રેપિંગ ટેકનોલોજી અને અભિગમોમાં નવીનતાઓ,નાગરિક વિજ્ઞાન અને કૃત્રિમ બુદ્ધિનું એકીકરણઆંતરરાષ્ટ્રીય સરહદ પર વિશ્વસનીય જ્ઞાનને એકીકૃત કરવું, છેલ્લા દાયકાઓમાં સસ્તન પ્રાણીઓ પર વસવાટના વિનાશ અને શિકારની વધતી જતી સિનર્જિસ્ટિક અસરો, સબાહ મલેશિયન બોર્નિયોમાં ઈમ્બેક કેન્યોન કન્ઝર્વેશન એરિયા અને તેની આસપાસના સસ્તન પ્રાણીઓનું કેમેરા-ટ્રેપિંગ સર્વેક્ષણ,સબાહ, બોર્નિયોમાં મોટા સસ્તન શિકારી અને શિકાર સાથે ટ્રોફિક પ્રકાશનનો અભાવ, સબાહ, મલેશિયન બોર્નિયોમાં ઓઈલ પામ લેન્ડસ્કેપની અંદર સસ્તન પ્રાણીઓની સમૃદ્ધિ અને રચના વગેરે બાબતે જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓએ પોતાનાં અભ્યાસ અંગે વિસ્તૃત પ્રશ્નોત્તરી કરી હતી. ડો.નીશીથ ધારૈયાએ સમગ્ર પ્રવાસનું સુચારૂ સંચાલન કર્યુ હતુ.

# જૂનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧ થી ૪ના મતવિસ્તાર માટે કંટ્રોલરૂમ શરૂ કરાયો

જૂનાગઢ, તા.૫

જૂનાગઢ મહાનગરપાલિકા સામાન્ય ચૂંટણી ૨૦૨૫ માં સમાવિષ્ટ વોર્ડ નંબર ૧ થી ૪ મત વિસ્તારમાં ક્ષેત્રમાં આદર્શ આચાર સંહિતાની ફરિયાદો બાબતે કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. જૂનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧ થી ૪ ના મતવિસ્તાર આદર્શ આચારસંહિતાના ભંગ બદલની આવતી ફરિયાદો માટે તાલુકા સેવાસદન, પ્રથમ માળ, સરદારબાગ, જૂનાગઢ (શહેર) ખાતે ટેલિફોન ફેક્સ નંબર – (૦૨૮૫) ૨૬૩૬૫૯૫ ટોલ ફ્રી નંબર કાર્યરત કરવામાં આવ્યો હોવાનું કરેલ જૂનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧ થી ૪ ના ચૂંટણી અધિકારી શ્રીચરણસિંહ ગોહિલ ની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# એચડીએફસી બેંક પરિવર્તન સ્ટાર્ટ-અપ ગ્રાન્ટ્સ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં રૂા. ૨૦ કરોડ પૂરાં પાડીને ૫૦થી વધારે સ્ટાર્ટઅપ્સને મદદરૂપ થશે

મુંબઈ, તા.૫

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકએ તેના પ્રમુખ પરિવર્તન સ્ટાર્ટ-અપ ગ્રાન્ટ્સ પ્રોગ્રામની આઠમી આવૃત્તિ લૉન્ચ કરવાની જાહેરાત કરી છે. આ વર્ષે સામાજિક પ્રભાવના ક્ષેત્રમાં કામ કરી રહેલા ૫૦-૬૦ સ્ટાર્ટઅપ્સને સમર્થન પૂરું પાડવા માટે ૧૫થી વધારે ઈક્યુબેટરો અને એક્સેલરેટર્સની પસંદગી થઈ છે અને તેમને સાથે લેવામાં આવ્યાં છે. આ પ્રોગ્રામ અંતર્ગત રૂા.૨૦ કરોડના કુલ બજેટની સાથે પસંદગી પામેલા સ્ટાર્ટઅપ્સને રૂા.૫૦ લાખનું અનુદાન પૂરું પાડવામાં આવશે.

આઈઆઈટી મદ્રાસ, આઈઆઈએમ અમદાવાદ વેન્ચર્સ, વિલગ્રો, આઈસીએઆર પુસા કૃષિ, આઈઆઈટી ગુવાહાટી બાયોનેસ્ટ, એસ્પાયર - યુનિવર્સિટી ઑફ હૈદરાબાદ, આઈઆઈએમ-કલકત્તા ઈનોવેશન પાર્ક, આઈ-હબ ગુજરાત, કેરાલા સ્ટાર્ટ-અપ મિશન, આઈએફએમઆર કેટાલીસ્ટ એઆઈસી એ આ વર્ષે પસંદગીપામેલા ઈક્યુબેટર્સ છે. આગામી કેટલાક મહિનામાં આ ઈક્યુબેટરો સમગ્ર ભારતમાંથી સામાજિક ઉદ્યોગસાહસિકો પાસેથી અરજીઓ મંગાવશે. આ પહેલનું સમાપન 'ડેમો ડે' ઈવેન્ટ્સની સીરીઝમાં થશે, જેમાં બેંક, રોકાણકારો, કૉર્પોરેટ્સ અને મીડિયા સમક્ષ આ સ્ટાર્ટ-અપ્સને રજૂ કરવામાં આવશે, જેથી કરીને આ ઉદ્યમો વધુને વધુ નજરોમાંઆવી શકે અને તેમને વધુ સારી તકો મળી શકે. પસંદગી પામેલા સ્ટાર્ટઅપ્સ મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા અને પૂર્વોત્તરના રાજ્યો સહિત ભારતના વિવિધ પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરશે.

આઠમા વર્ષમાં પ્રવેશેલો પરિવર્તન સ્ટાર્ટ-અપ ગ્રાન્ટ્સ પ્રોગ્રામ સામાજિક પ્રભાવ પાડી રહેલા ભારતના ઉદ્યોગસાહસિકોનું સશક્તિકરણ કરવા માટે સતત પ્રયત્નશીલ છે.વર્ષ ૨૦૧૭થી તેણે સમગ્ર દેશમાં ૧૨૦થી વધારે ઈક્યુબેટરો મારફતે ૪૦૦થી વધારે સ્ટાર્ટ-અપ્સને સમર્થન પૂરું પાડ્યું છે અને સાર્થક પરિવર્તન લાવવા માટેના નોંધપાત્ર સંસાધનોમાં રોકાણ કર્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે છાત્ર વિદાયમાન અને વસંતના વધામણાંનો દિવ્ય કાર્યક્રમ યોજાયો

## વસંતપંચમીના પાવન પર્વે સંસ્કાર સિંચનની બહુમૂલ્ય પહેલ : Oasis movement સંસ્થાના સહકારથી વિદ્યાર્થિનીઓના મનોબળને મજબુતી આપવાનો પણ પ્રેરક પ્રયાસ કરવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૫

જૂનાગઢ જિલ્લાની નામાંકિત ગ્રાન્ટેડ શાળા એવી માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૦૧-૦૨-૨૦૨૫ ને શનિવારના રોજ શાળાના આચાર્યા જયશ્રીબેન રંગોલિયાની પ્રેરણા તેમજ કાર્યક્રમના સંચાલક પ્રકૃતિબેન શર્માના માર્ગદર્શન હેઠળ ધો.૧૦ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે "છાત્ર વિદાયમાન અને વસંતના વધામણાં"નો દિવ્ય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના સુપરવાઈઝરઓ સહિત વિદ્યાગુરૂઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે છેલ્લા ૩૦ વર્ષથી સંસ્કાર સિંચન, ચારિત્ર્ય ઘડતર અને સમાજસેવા જેવા અનેકવિધ ક્ષેત્રોમાં કાર્યરત સંસ્થા એવી Oasis movementના કન્વીનર દિવ્યાબેન હડિયાના સહકારથી નોડલ ઓફિસર સુશ્રી પ્રકૃતિબેન શર્મા દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ બોર્ડની આગામી પરીક્ષા આપનાર વિદ્યાર્થિનીઓને "પરીક્ષાથી ડરવું નહીં, ડરીને કોઈ નકારાત્મક પગલું ભરવું નહીં અને જીવનમાં ક્યારેય પણ નિરાશ કે નીરસ થવું નહીં તથા વ્યક્તિની વસંત મનથી ને પાનખર એના મગજથી.. ખરી ખરીને ફરી ફરીને ઉગવું એટ્લે વસંત..પડી પડીને ઉઠી ઊઠીને જીવવું એટ્લે વસંત" જેવી સકારાત્મક શીખ આપવામાં આવી હતી. આ વેળાએ "રિઝલ્ટ કી ઐસી કી તૈસી અને એક્ઝામ કી ઐસી કી તૈસી" જેવા બહુમૂલ્ય પુસ્તકો ભેટ સ્વરૂપે અર્પીને વિદ્યાર્થિનીઓના મનોબળને મજબુતી આપવાનો સતુત્ય પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. આ સમારોહના આયોજનથી લઈને તમામ પ્રકારની વ્યવસ્થા શાળાની જુનિયર વિદ્યાર્થિનીઓ દ્વારા જ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિદાય લેનાર વિદ્યાર્થિનીઓએ શાળામાંથી મળેલ ઉમદા કેળવણી અને જીવનઘડતર બદલ ઋણ સ્વીકારની સાથે પોતાના સુખદ અનુભવોની ખુશી પણ વ્યકત કરી હતી. આ તકે સંસ્થાના ચેરમેન જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેક્ટર સી.પી. રાણપરિયા સહિત સંસ્થાના ટ્રસ્ટીઓ, મેનેજમેન્ટના પ્રતિનિધિઓ અને શાળા પરિવારે વિદ્યાર્થિનીઓના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

## તંત્રી લેખ

# સમાન સંહિતા લાગુ

ઉત્તરાખંડમાં સમાન નાગરિક સંહિતા લાગુ થવી બહુ મહત્ત્વપૂર્ણ પરિવર્તન છે, જેના પર સમાજમાં મિશ્ર પ્રતિક્રિયા સ્વાભાવિક છે. ના તો આ સંહિતાનું સમર્થન ચોંકાવે છે, ના વિરોધ. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ સમાન નાગરિક સંહિતાના નિયમો વિશે વિસ્તારથી જણાવ્યું છે અને હવે નિયમોની સમીક્ષા થઈ રહી છે. રાજ્યમાં હવે તમામ ધર્મો માટે બહુવિવાહ પર પ્રતિબંધ મૂકી દેવાયો છે અને પુત્રીઓને પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર પણ આપવામાં આવ્યો છે. દેખીતું છે.

આ સંહિતાથી દેશના બાકી રાજ્યોને પણ શીખવા અને વિચાર કરવાની પ્રેરણા મળશે. દેશમાં હાલમાં અડધો ડઝન રાજ્ય એવાં છે, જ્યાં કોઈને કોઈ ચરણમાં સમાન નાગરિક સંહિતા બનાવવાની કવાયત ચાલી રહી છે. આ સંહિતાની સમર્થક સરકારો ફૂંકી ફૂંકીને પગલું ભરી રહી છે તો આશ્ચર્ય નહીં. દુનિયાના કેટલાય એવા દેશ છે જે અલ્પસંખ્યકોનો અવાજ દબાવીને તાત્કાલિક પ્રભાવથી અને કડકાઈથી આવી સંહિતા કે નિયમો લાગુ કરી દેછે, પરંતુ ભારતીય રાજ્ય ઉત્તરાખંડમાં લોકતાંત્રિક પ્રક્રિયા બાદ સમજી-વિચારીને સંહિતા લાગુ કરવામાં આવી છે.

મોટાભાગના બંધારણ નિર્માતાઓએ એ સપનું જોયું હતું કે એક દિવસે દેશમાં સમાન નાગરિક સંહિતા પર સહમતિ બનશે અને ઉત્તરાખંડે તેની શરૂઆત કરી દીધી છે. સંહિતામાં તમામ ધર્મોના વિવાહ, વારસા, ભરણપોષણ અને અન્ય નાગરિક બાબતો માટે સમાન નિયમોની પરિકલ્પના કરવામાં આવી છે. હવે કોઈપણ ધર્મના વ્યક્તિને પોતાના જીવનસાથીના જીવિત રહેતાં સુધી બીજાં લગ્ન કરવાની અનુમતિ નહીં આપવામાં આવે. એમ તો હિંદુઓમાં પણ કેટલાક એકથી વધુ લગ્ન કરનારા મળી જાય છે, પરંતુ ઈસ્લામી કાયદાના હિસાબે ચાલનારા કેટલાક લોકોને આ સંહિતા ચોક્કસ કઠશે. જોકે અલ્પસંખ્યક સમાજમાં પણ મોટાભાગના એક જ લગ્ન કરે છે, તેમને આ સંહિતાથી કોઈ ફરક નથી પડવાનો. વાસ્તવમાં આ સંહિતાથી મહિલાઓને ન્યાય આપવામાં સુવિધા રહેશે. જ્યારે કોઈ એકથી વધુ લગ્ન કરે છે તો મહિલાઓ જ સૌથી વધુ પીડિત બને છે. તેમના અધિકાર અને સંસાધનોમાં કમી આવી જાય છે, તેથી આ સંહિતા મહિલાઓ અને બેટીઓ માટે એક મોટી જીત છે.

મહિલાઓને આ સંહિતાથી વિશેષ બળ મળશે. મહિલાઓ પોતાના વિવાહને લઈને આશ્વસ્ત રહેશે. સાથે જ લિવ-ઈન રિલેશનશિપથી પેદા બાળકોને પણ સંપત્તિમાં સમાન હક મળશે. વિવાહ અને તેના ઉફરાંત પણ સંબંધોના બદલાતા દોરમાં આવા સુધારની જરૂરિયાત આખા દેશમાં અનુભવાઈ રહી છે, જેથી ક્યાંય પણ શોષણથી બચી શકાય.

ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ યોગ્ય જ કહ્યું છે કે સમાન નાગરિક સંહિતા ભેદભાવ સમાપ્ત કરવાનો બંધારણીય ઉપાય છે. તમામ નાગરિકોને સમાન અધિકાર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વાસ્તવમાં આ સંહિતાથી હલાલા, બહુવિવાહ, બાળવિવાહ, ત્રણ તલાક વગેરે કુરિવાજોને સંપૂર્ણ રીતે રોકી શકાય છે. જોકે આ સંહિતામાંથી અનુસૂચિત જનજાતિઓને અલગ રાખવામાં આવી છે, તો તેની પાછળની ભારતીય ઉદારતા સમજી સકાય છે. જોકે અનુસૂચિત જનજાતિઓમાં પણ સમય સાથે જાગૃતિ વધી છે અને ત્યાં પણ એકથી વધારે વિવાહ કરનારાની સંખ્યા ઘટી છે. લોકો હવે સમજવા લાગ્યા છે કે આજે મોટા પરિવારની નહીં, સુખી પરિવારની જરૂર છે. દેશમાં પણ આ જ રીતે સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂર છે.

# ખંભાળિયા નજીક આઈસરમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા ૧૧ પશુઓ સાથે ત્રણ શખ્સો ઝડપાયા





## પશુ સેવકોએ મોડી રાત્રીના સમયે શંકાસ્પદ વાહન પોલીસને સોંપ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા નજીકના હાઈ-વે માર્ગ પર મોડી રાત્રીના સમયે પસાર થતા એક આઈસર ટ્રકમાં ભેંસ સહિતના પશુઓને ક્રૂરતાપૂર્વક લઈને નીકળતા અહીંના પશુ સેવકોએ ઝડપી લઈ, અને આ પ્રકરણમાં વાહન ચાલક સહિત ત્રણ શખ્સોને તેઓના વાહનમાં ૧૧ પશુઓ સાથે પોલીસને સોંપ્યા છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયાની જાણીતી એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ નામની પશુ સેવા સંસ્થાના સક્રિય કાર્યકર દેશુરભાઈ ગગુભાઈ ધમા (ઉ.વ. ૩૦, રહે. હરસિધ્ધિ નગર) તેમજ અન્ય ગૌસેવકો અશ્વિનભાઈ કરમુર, વિશેષભાઈ દેસાણી તેમજ હિરેનભાઈ ગોસ્વામીને મોડી રાત્રીના સમયે જાણ થઈ હતી કે અત્રે દ્વારકા-જામનગર માર્ગ પર આવેલી પાયલ હોટલ પાસેના રેલવે ફાટક ખાતેથી એક આઈસર વાહનમાં ભેંસ સહિતના પશુઓને સંભવિત રીતે કતલખાને લઈ જવામાં આવી રહ્યા છે. આથી કાર્યકરો ઉપરોક્ત સ્થળે દોડી ગયા હતા અને અહીંથી પૂરઝડપે અને બેફામ રીતે નીકળેલી જી.જે. ૩૭ ટી ૫૨૬૩ નંબરની આઈસર ગાડીમાં પશુઓને ખીચોખીચ ભરીને લઈ જવામાં આવી રહ્યા હતા. બાદમાં આ વાહનને એક તરફ ઊભું રખાવીને તેમાં જોતા આ વાહનમાં સાત મોટી ભેંસ તથા ચાર નાના પાડરડા (પશુ) એમ કુલ ૧૧ પશુને લઈ જવાતા હતા. આ વાહનમાં પાણી કે ચારાની કોઈ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. એટલું જ નહીં, પશુઓ ગીચ જગ્યામાં હલનચલન પણ ન કરી શકે તેવી પરિસ્થિતિમાં દોરડા વડે બાંધીને લઈ જવાતા હતા. આ બનાવ અંગે પશુ સેવકોએ પૂછપરછ કરતા આઈસરના ચાલક મહેશ રાણાભાઈ રાઠોડ (ઉ.વ. ૩૧, રહે. કુવાડીયા પાટીયા, ખંભાળિયા) અને તેની સાથે જઈ રહેલા બે ક્લીનર શકીલ ચુનાભાઈ શેખ (ઉ.વ. ૬૫) અને સાહનવાજ સકીભાઈ શેખ (ઉ.વ. ૨૪, રહે આગરા ચિલ્લી પાડા, શાહગંજ, ઉત્તર પ્રદેશ) નામના આ શખ્સોની પાસે ઉપરોક્ત પશુઓ સંદર્ભે કોઈ પણ પ્રકારના ગ્રામ પંચાયતના દાખલા કે અન્ય જરૂરી પુરાવાઓ ન હતા. આ પશુઓ તેઓએ કલ્યાણપુર તાલુકાના ચુર-ચપ્પર, ખંભાળિયા તાલુકાના મોવાણ અને ભાડથર, સોનારડી, પીપરીયા, વિગેરે ગામોમાંથી જુદા જુદા આસામીઓ પાસેથી લીધા હોવાનું નામજોગ જણાવ્યું હતું. આ તમામ પશુઓ તેઓ ભરૂચમાં નર્મદા ડેરી ખાતે લઈ જવાતા હોવાનું પશુ સેવકોને જણાવ્યું હતું. આ સમગ્ર ઘટના અંગે પશુ સેવકોએ ખંભાળિયા પોલીસને જાણ કરતા પોલીસે હાલ ત્રણેય આરોપીઓની અટકાયત કરી અને વાહન સાથે પશુઓનો કબજો પણ મેળવ્યો હતો. આ બનાવ અંગે ખંભાળિયા પોલીસે દેશુરભાઈ ગઢવીની ફરિયાદ પરથી ત્રણેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# જગત મંદિરના શિખર ઉપર ફરી એકવાર ડ્રોન કેમેરો ઉડ્યો

## મંજૂરી વગર ડ્રોન ચલાવતા મુંબઈનો શખ્સ ઝડપાયો

## અનેક જાહેરાતો બાદ પણ ડ્રોનના કિસ્સા યથાવત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ભારતના પશ્ચિમ વિસ્તારમાં બિરાજમાન ભગવાન દ્વારકાધીશના જગત મંદિર તથા વિસ્તાર સંવેદનશીલ હોવાથી, દ્વારકાનું જગત મંદિર દુશ્મન દેશોની નજરમાં રહ્યું છે. જેના કારણે દ્વારકા જગત મંદિરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવે છે. કોઈપણ જાતના ઈલેક્ટ્રોનિક ઉપકરણ, મોબાઈલ જગત મંદિર અંદર લઈ જવા પર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે. જગત મંદિર આજુબાજુના વિસ્તારમાં ડ્રોન કેમેરો ઉડાડવા પર પણ પ્રતિબંધ રાખવામાં આવ્યો છે. તે છતાં પણ જગત મંદિર પર અવારનવાર ડ્રોન કેમેરો ઉડતા હોવાના અહેવાલો પ્રસિદ્ધ થતા રહ્યા છે. જે પૈકી સોમવારે સવારે જગત મંદિર શિખર પર ફરી એક વખત ગેરકાયદેસર ડ્રોન કેમેરા દ્વારા શૂટ કરવામાં આવ્યું હતું. દ્વારકાધીશ જગત મંદિર પર ડ્રોન કેમેરો આશરે પાંચેક મિનિટથી વધુ શૂટિંગ કરતો જોવામાં આવ્યો હતો. આ ડ્રોન કેમેરાનું શૂટિંગ ચાલુ હોય, તે દરમિયાન ફરજ પરના પોલીસ જવાનોને વાત ધ્યાને આવતા ડ્રોન કેમેરો ચલાવનારને રંગે હાથે ઝડપી પાડ્યો હતો. આથી વેસ્ટ મહારાષ્ટ્રના થાણે વિસ્તારમાં રહેતા ભવ્ય રમેશભાઈ શાહને પોલીસ જવાનોએ ૫૬ સીડી પાસે આવેલ એક પૌરાણિક મંદિર નજીકથી શૂટિંગ કરતો ઝડપી પાડ્યો હતો.

# ખંભાળિયાનો યુવાન બન્યો હની ટ્રેપનો શિકાર : દુષ્કર્મની ફરિયાદની ધમકી આપી, પૈસા પડાવતા ત્રણ શખ્સો ઝબ્બે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા શહેરમાં રહેતા એક યુવાનને ચીટર ટોળકીએ હની ટ્રેપનો શિકાર બનાવી અને નોંધપાત્ર રકમ ખંખેરી લેતા આ પ્રકરણમાં સ્થાનિક પોલીસે કરેલી કાર્યવાહીમાં ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. આ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના વડત્રા ગામે રહેતા એક યુવાનને ખંભાળિયાની હીના નામની એક યુવતી સાથે સંપર્ક થયો હતો. ત્યાર બાદ બંને વચ્ચે વાતચીત જેવો વ્યવહાર વધતા અને આ પછી યુવતીએ યુવાનને પ્રેમ જાળમાં ફસાવી અને શરીર સંબંધ બાંધવા સહિતની બાબતે બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ સાથે તેની પાસેથી સમયાંતરે પૈસાની માંગણી કરાઈ હતી. જેથી ભોગ બનેલા યુવાને ટુકડે ટુકડે કુલ રૂપિયા ૧,૧૩,૫૦૦ ની રકમ યુવતી તેમ જ તેની સાથેના મળતિયાઓને ચૂકવી હતી. આ પછી સમગ્ર ઘટના સંદર્ભે યુવાને ખંભાળિયા પોલીસ નો સંપર્ક સાધી, અને આપવીતી વર્ણવતા આ પ્રકરણમાં ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલની ટીમ દ્વારા સઘન કામગીરી કરીને આ પ્રકરણમાં સંડોવાયેલા હનીફશા સલીમશા શાહમદાર, વિશાલ સીદુ માયાણી અને દિલીપસિંહ જીતુભા વાઢેર નામના ત્રણ શખ્સોને દબોચી લીધા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે સમય ચિંતામાં ગયો તે કચરા ટોપલીમાં ગયો અને જે સમય ચિંતનમાં ગયો તે તિજોરીમાં જમા થઈ ગયો.

- ચિંગચાઆ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.શહેરેવર-૧૩૯૪, મુ. શાબાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, મહા સુદ-૮ દૂર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, બુધાષ્ટમી, મા શ્રી ખોડિયાર જયંતિ તા.૫ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૬, ભરણી નક્ષત્ર, શુક્લ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭ઃ૩૧, સૂ.અ.૬ઃ૪૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), રાત્રે ૨ઃ૧૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માંગલિક કાર્યમાં સફળતા મળે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય.
વૃષભ: કૌટુંબિક સમસ્યા હળવી બને. અણધારી લાભની તક સાંપડે.
મિથુન: મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.
કર્ક: ગૃહવિવાદ થાય. નાણાંકીય લેવડ-દેવડમાં સંભાળવું.
સિંહ: કાર્યબોજ હળવો બને. મનની મુરાદ બર આવે.
કન્યા: મુસાફરીનું આયોજન સફળ થાય. લાભની તક સાંપડે.
તુલા: મનમાં પ્રફુલિતતા રહે. આર્થિક લાભ થાય.
વૃશ્ચિક: પ્રિય પાત્રથી મિલન-મુલાકાત થાય. ખાવા-પીવામાં કાળજી રાખવી.
ધન: મનમાં ચંચળતા રહે. નવિન શુભ સમાચાર મળે.
મકર: કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધીરજ રાખવી હિતાવહ.
કુંભ: આનંદમય દિવસ પસાર થાય. મનમાં પ્રસન્નતા અનુભવાય.
મીન: આવક- જાવક સરભર રહે. ક્રોધ પર કાબુ રાખવો.

# ખંભાળિયામાં સારસ્વત મહાસ્થાન દ્વારા વસંત પંચમી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા






## સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિની વેબસાઈટ લોન્ચ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં આવેલા શ્રી સારસ્વત મહાસ્થાનના ઉપક્રમે અત્રેની સારસ્વત બ્રહ્મપુરી ખાતે તાજેતરમાં વસંત પંચમીના પાવન પર્વ નિમિત્તે વિવિધ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સરસ્વતી માતાજીના પ્રાગટ્ય દિન વસંત પંચમીના આ શુભ દિવસ પ્રસંગે જ્ઞાતિ સંસ્થા દ્વારા અહીંના શ્રી સરસ્વતી મંદિર ખાતે નૂતન ધ્વજારોહણ તેમજ મહાદેવી હવન કાર્ય યોજવામાં આવ્યો હતો. આ સાથે જ્ઞાતિ વિષયક કાર્યક્રમો તેમજ સમૂહ મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખંભાળિયા શહેર ભાજપના નવનિયુક્ત યુવા પ્રમુખ અને સારસ્વત જ્ઞાતિના યુવા સદસ્ય મિલનભાઈ કિરતસાતાનું પણ સન્માન કરાયું હતું. આ આયોજનમાં અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અહીં જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, વિગેરે સ્થળેથી મોટી સંખ્યામાં સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિજનો પણ ખાસ જોડાયા હતા. ભારતભરના સારસ્વત પરિવારનો જોડતી રાજકોટ જ્ઞાતિ સંસ્થા દ્વારા આયોજિત વેબસાઈટનું લોન્ચિંગ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન જ્ઞાતિજનો માટે આવકારદાયક બની રહ્યું હતું. જેની સફળતા માટે સંસ્થાના પ્રમુખ, હોદ્દેદારો તેમજ તેમની ટીમએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# નાગરિકોની હેરાનગતિ બંધ કરો, તપાસ એજન્સી EDને રૂા.૧ લાખનો દંડ ફટકારતી અદાલત




મુંબઈ, તા.૫

એક બિલ્ડર સામે નાણાકિય હેરફેરની તપાસ મગજ યોગ્ય રીતે ચલાવ્યા વિના શરૂ કરી દેવા બદલ મુંબઈ હાઈકોર્ટે EDને રૂા.૧ લાખનો દંડ ફટકાર્યો છે અને સ્પષ્ટ તાકીદ કરી છે કે, તપાસનીશ કેન્દ્રીય એજન્સીઓએ કાયદાના માણખાની મર્યાદામાં રહીને કામગીરી કરવી જોઈએ. નાગરિકોની પજવણી થવી ન જોઈએ. જસ્ટિસ મિલિન્દ જાધવની સિંગલ બેન્ચ દ્વારા EDને દંડ કરવામાં આવ્યો હતો અને અદાલતે ટકોર કરી હતી કે, નાગરિકોની હેરાનગતિ કરવામાં ન આવે એવો મજબૂત સંદેશો તપાસ એજન્સીને આપવાની જરૂર હતી. EDની સ્પેશિયલ કોર્ટ દ્વારા રીયલ એસ્ટેટ ડેવલોપર મુંબઈના રહેવાસી રાકેશ જૈન સામે કાઢવામાં આવેલું સમન્સ અને નોટિસ પણ હાઈકોર્ટે રદ કર્યા હતા. EDની ફરિયાદના આધારે સમન્સ નીકળ્યું હતું. જસ્ટિસ જાધવે સ્પષ્ટ ટકોર કરી હતી કે, ED જેવી કેન્દ્રીય એજન્સીઓએ કાયદો હાથમાં લેવો ન જોઈએ અને નાગરિકોની હેરાનગતિ બંધ કરવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, બિલ્ડર જૈન સામે કોઈ કેસ જ બનતો નથી એટલે નાણાકિય હેરફેરનો આરોપ ઉભો રહી શકે નહીં. મિલકત ખરીદનાર એક ફરિયાદીએ જે ફરિયાદ દાખલ કરી અને EDએ જે ફોજદારી કાર્યવાહી શરૂ કરી દીધી એ સ્પષ્ટપણે દ્વેષ ભરી અને અયોગ્ય હતી. એટલે ED ઉપર ખર્ચ પેટે દંડ ફટકારવો જરૂરી બને છે અને એ સાથે ED જેવી એજન્સીઓને મજબૂત સંદેશો આપવાનું પણ જરૂરી છે કે, તેઓ કાયદાની મર્યાદામાં રહીને કામ કરે, મગજ ચલાવે અને નાગરિકોની પજવણી બંધ કરે. હાઈકોર્ટે ચાર સપ્તાહમાં રૂા.૧ લાખનો દંડ હાઈકોર્ટ લાઈબ્રેરીમાં જમા કરાવી દેવા આદેશ આપ્યો હતો. એટલું જ નહીં જે ખરીદારે ફરિયાદ કરી હતી તેને પણ અદાલતે રૂા.૧ લાખનો દંડ ફટકાર્યો હતો.

# ઈશ્વર સાથે છેતરપિંડી !! તેલંગાણાના એક મંદિરની હૂંડીમાંથી રૂપિયા એક કરોડના મૂલ્યની રૂપિયા ૫૦૦ના દરની બનાવટી નોટો મળી આવી

હૈદરાબાદ, તા.૫

તેલંગાણા રાજ્યના એક ગામના જાણીતા મંદિરમાં મકરસંક્રાંતિના વાર્ષિક ઉત્સવ બાદ મંદિરમાં મળેલા દાનની ચકાસણી થઈ રહી હતી ત્યારે રૂપિયા એક કરોડના મૂલ્યોની રૂા.૫૦૦ના દરની બનાવટી ચલણી નોટો નીકળી પડતા મંદિર સંચાલન સમિતિ પણ ચોંકી ઉઠી હતી. મંદિરની હૂંડીમાંથી આટલા મોટા પ્રમાણમાં બનાવટી ચલણી નોટોનો જથ્થો નીકળી પડ્યો હતો તેની તપાસ થઈ રહી છે. ચાડમલ ઠંડા ગાંધારી મુદલ ગામના આ ગામમાં એક મંદિર આવેલું છે જેનું નામ લાશા મમ્મા મંદિર છે. અહીં સંક્રાંતિના વાર્ષિક ઉત્સવ બાદ આવેલા દાનની અને રોકડ રકમની ગણતરીઓ થઈ રહી હતી ત્યારે મંદિરથી હૂંડીમાં નોટોના બંડલમાંથી રૂપિયા ૫૦૦ના દરવાળી એક કરોડ જેટલી મૂલ્યની બનાવટી ચલણી નોટો નીકળી મળી હતી. મંદિર સમિતિ ઓછા વ્યાજના દરે ગ્રામજનોને લોન આપતી હોય છે એટલે ધિરાણ લઈ ગયેલી એક વ્યક્તિના નોટોના બંડલમાંથી ચાર બનાવટી નોટ મળી એટલે તુરંત જ સમિતિને જાણ કરી હતી અને સમિતિએ પોલીસને જાણ કરી હતી. સંક્રાંતિ ઉત્સવ માટેનું મુખ્ય કેન્દ્ર એવું આ મંદિર માનવામાં આવે છે જ્યાં બહુ મોટી રકમનું દાન મળતું હોય છે જેના થકી મંદિર સમિતિ વિકાસના કામો કરે છે અને ગ્રામજનોને પણ ધંધા રોજગાર માટે ધિરાણ આપે છે. પરંતુ મંદિરની હૂંડીમાંથી બનાવટી ચલણી નોટો નીકળી પડવાથી સત્તાવાળાઓ અને ગ્રામજનો પણ ચિંતામાં પડી ગયા છે.

# બ્રિક્સ દેશોમાં ભારતીય પાસપોર્ટ સૌથી નબળો

(એજન્સી) તા.૫

બ્રિક્સ ભૂ-રાજકીય બ્લોકના તમામ નામાંકિત દેશો, બ્રાઝિલ, રશિયા, ચીન અને દક્ષિણ આફ્રિકા, રેન્કિંગમાં ભારત કરતા ઉપર રહ્યા છે. ભારત નીચે સરક્યું છે. બ્રિક્સનો બીજો મુખ્ય સભ્ય, ચીન, જેની સાથે ભારત મોદી શાસનના બીજા કાર્યકાળમાં સંઘર્ષપૂર્ણ સંબંધો છે, તે આ ઈન્ડેક્સમાં સતત ઉપર ચઢ્યું છે. નોંધનીય છે કે ૨૦૧૫ના હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સમાં, ચીન ૯૪મા ક્રમે હતું જ્યારે ભારત ૮૮મા ક્રમે હતું. ત્યારબાદના ૧૦ વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના ભાજપ શાસનમાં ભારતનો પાડોશી દેશ ૨૦૨૫માં ૬૦મા ક્રમે પહોંચ્યો છે, અને તે ૮૫ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશ ધરાવે છે. ચીની પાસપોર્ટ ધારકોને સિંગાપોરમાં વિઝા-મુક્ત પ્રવેશ છે, જે દેશ હેનલી પાસપોર્ટ ૧૯૫ સ્થાન સાથે ટોચ ઉપર છે

# બિહારનો જાતિવાદી સર્વે બનાવટી છે, દેશવ્યાપી જાતિ આધારિત વસ્તી ગણતરીની જરૂર છે : રાહુલ ગાંધી

**રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર ખાતેની મોદી સરકાર બંધારણને બદલવાના પ્રયાસો કરી રહી છે પણ તેઓ બંધારણની નકલો માથા ઉપર લઈને આવ્યા અને લોકોએ એમને અરીસો બતાવ્યો છે**

પટણા, તા.૫

લોકસભા વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી રાહુલ ગાંધીએ પટણા ખાતે કાર્યકર્તા સંમેલનને સંબોધન કરતા જણાવ્યું હતું કે બિહારમાં થયેલો જાતિ સર્વે બનાવટી છે અને દેશવ્યાપી જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની જરૂર છે. તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે બિહારમાં જે કહેવાતો જાતિ આધારિત સર્વે થયો છે એ બનાવટી છે અને ખોટો છે. તેઓ પટણામાં તાજેતરમાં બંધારણ બચાવો કોન્ફરન્સમાં કોંગ્રેસના કાર્યકરોને સંબોધન કરીને જણાવ્યું હતું કે રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસ્તી ગણતરીની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. રાહુલે કહ્યું હતું કે અમને રાજકીય નુકસાન થાય તો પણ અમે જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશો જ અને બિહારમાં થયો એ પ્રકારનો એ સર્વે નહીં હોય. બિહારમાં તો જાતિ આધારિત સર્વેના નામે રાજ્યની જનતાને મૂરખ બનાવવામાં આવી છે. તેમણે બિહારમાં ૨૦૨૨ તથા ૨૩ માં થયેલા જાતિ સર્વેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, દેશના દલિત વર્ગ તથા પછાત વર્ગ તેમજ આદિવાસીઓ અને લઘુમતી સમુદાયોના હિતમાં અને દેશથી પ્રજાના વ્યાપક હિતમાં જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવવા માટે કોંગ્રેસ કટિબદ્ધ છે. આ પ્રકારના સર્વેક્ષણ અને ગણતરીથી એમની વસ્તી કેટલી છે અને લોકશાહીમાં તેમજ શિક્ષણ સંસ્થાઓમાં અને ખાનગી કંપનીઓમાં એમને કેટલું સ્થાન મળ્યું છે તેનો ખ્યાલ આવી જશે. તેમણે ઉમેર્યું હતું કે તેમની વસ્તીના આધારે અને એમની સામાજિક તથા આર્થિક હાલતના આધારે વિકાસની નીતિઓનું ઘડતર કરવામાં આવશે. કોંગ્રેસ નેતાએ આક્ષેપ કર્યો હતો કે દેશની સંપત્તિ કેટલાક મુઠ્ઠીભર લોકોના હાથમાં જ કેદ થઈ ગઈ છે અને ગરીબો અને કિસાનો અત્યંત દયાજનક હાલતમાં જીવી રહ્યા છે. ખાનગી ક્ષેત્રમાં તો દલિત તથા આદિવાસી અને પછાત વર્ગોનું નામનું જ અસ્તિત્વ છે એ વિશે ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે તમે ૫૦૦ ખાનગી કંપનીઓની યાદી જુઓ તો તમને આ શ્રેણીના સમુદાયની કોઈપણ કંપની ટોચ ઉપર દેખાશે નહીં. તેમણે એવો પણ ગંભીર આક્ષેપ કર્યો હતો કે ધારાસભ્યો અને સાંસદોને પણ સત્તા વગરના કરી નાખવામાં આવ્યા છે કેમ કે કેન્દ્રના ૯૦ સીરીયલ અધિકારીઓ જ બજેટની ફાળવણી ઉપર તમામ નિર્ણયો લઈ રહ્યા છે. ભાજપના સાંસદો ખુદ ખાનગી ધોરણે કહે છે કે સેક્રેટરી કક્ષાના ૯૦ અધિકારીઓનાં હાથમાં જ બધું છે અને અમને કહી શકતા નથી અને એ લોકો જ આખી સરકાર ઉપર અંકુશ દબાવીને બેઠા છે અને એ ૯૦ અધિકારીઓમાંથી ૧૦% પણ દલિત કે આદિવાસી કે પછાત વર્ગના નથી. અને તેઓ દેશની ૯૦ ટકા વસ્તી માટે નિર્ણયો લઈ રહ્યા છે. રાહુલે અનામતની ૫૦%ની મર્યાદા દૂર કરવાની પણ ફરી માંગણી કરી હતી અને ખાતરી આપી હતી કે જો મને ભારે રાજકીય નુકસાન થશે અને રાષ્ટ્રીય સ્તરે મારી પાર્ટીને નુકસાન થશે તો પણ હું કોઈ પણ ભોગે જાતિવાદી આધારિત વસ્તી ગણતરી કરાવીશ. તેમણે એવા પણ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રની મોદી સરકાર બંધારણમાં ફેરફારો કરવા પ્રયત્નશીલ છે પણ તેઓ માથા ઉપર બંધારણની કોપીઓ લઈને આવ્યા છે ત્યારે લોકોએ જ એમને અરીસો બતાવી દીધો છે.

# ટ્રમ્પ અને તેમના સાથીઓને બીજા હિટલર શા માટે કહેવામાં આવી રહ્યા છે ?




(એજન્સી) તા.૫

સૌ પ્રથમ, અમેરિકન ડેમોક્રેટ્સનું આ નિવેદન વાંચો-'પહેલા દિવસે, જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ટોચના સહાયકોએ યુએસ એકતાને બદલે નફરત પસંદ કરી છે. ટ્રમ્પના નજીકના સલાહકાર એલોન મસ્ક ઉપર સમારોહમાં નાઝી સલામી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો અને એક નાઝી સમર્થક આ સમારોહમાં જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં આમંત્રિત કરીને ટ્રમ્પ અને મસ્ક બતાવી રહ્યા છે કે તેઓ માત્ર નેતૃત્વ કરવા માટે અયોગ્ય જ નથી પણ અમેરિકનો તરીકે આપણા મૂળ મૂલ્યોની વિરૂદ્ધ પણ છે. અમેરિકાના અગ્રણી અખબાર ન્યૂ યોર્ક ટાઈમ્સે લખ્યું છે કે- વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ. ટ્રમ્પના નજીકના સલાહકાર એલોન મસ્કે એક જર્મન પાર્ટીનું સમર્થન કર્યું છે, જે નિયો-નાઝીઓ સાથે જોડાયેલું જૂથ છે, જેના યુવાનો મોટાભાગે મુસ્લિમ છે. જર્મનીની ગુપ્તચર એજન્સી દ્વારા આ શાખાને 'પુષ્ટિ થયેલ ઉગ્રવાદી' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. સીએનએનએ લખ્યું, તાજેતરમાં એલોન મસ્કે એક ટ્વિટમાં બે જર્મન નાઝીઓના નામનો ઉલ્લેખ કર્યો. જેમ કે તે ઘણીવાર કરે છે, પાછળથી તેમની મજાક ઉડાવતા હતા. અને ચોક્કસપણે આ પહેલી વાર નથી જ્યારે તેણે સમાન શબ્દનો ઉપયોગ કર્યો છે. આ તેમનું સૌથી અપમાનજનક નિવેદન છે. ગયા મહિને જ, મસ્કે વ્યાપક નિંદા છતાં નાઝી સહાનુભૂતિ ધરાવતા ટકર કાર્લસન સાથેના ઈન્ટરવ્યુનો પ્રચાર કર્યો હતો. કાર્લસને કહ્યું કે નાઝી કેમ્પમાં યહૂદીઓની હત્યા માનવીય હતી અને વિન્સ્ટન ચર્ચિલ બીજા વિશ્વયુદ્ધના મુખ્ય ખલનાયક હતા. ઈન્ડિપેન્ડન્ટના જણાવ્યાં અનુસાર, મસ્કે પાછળથી તેમની આ પોસ્ટ કાઢી નાખી જેમાં તેમણે ઈન્ટરવ્યુને ખૂબ જ રસપ્રદ અને જોવા યોગ્ય ગણાવ્યો હતો. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં કથિત નાઝી સહાનુભૂતિ ધરાવનાર હેલ-કુસાનેલીને આમંત્રણ આપવામાં આવ્યું છે. ડેમોક્રેટ્સે ટ્રમ્પ અને મસ્ક ઉપર આ આરોપો લગાવ્યા છે. ન્યૂ યોર્ક ટાઈમ્સ અને સીએનએન દ્વારા તેમની પુષ્ટિ કરવામાં આવી છે. તેવી જ રીતે, વોશિંગ્ટન પોસ્ટ અને વોલ સ્ટ્રીટ જર્નલે પણ તેનો અહેવાલ આપ્યો છે. ચાલો ધ ગાર્ડિયનના એક અહેવાલ વિશે પણ વાત કરીએ.


● ધ ગાર્ડિયનએ સાત મહિના પહેલા (૩ જૂન, ૨૦૨૪) અહેવાલ આપ્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પે એક વીડિયો શેર કર્યો હતો પરંતુ પછી તેને દૂર કરવામાં આવ્યો. જો તે યુએસ રાષ્ટ્રપતિની ચૂંટણી જીતે તો તેણે 'એકીકરણ રીક'નું સ્વપ્ન જોયું છે. UNIFIED REICH શબ્દ નાઝીઓ માટે વપરાય છે. ટ્રમ્પે અગાઉ કહ્યું હતું કે એડોલ્ફ હિટલરે કેટલાક સારા કાર્યો કર્યા હતા. ટ્રમ્પે એમ પણ કહ્યું હતું કે ઈમિગ્રન્ટ્સ આપણા દેશના લોહીમાં ઝેર ભરી રહ્યા છે. ટ્રમ્પ અને તેમના સાથીઓને બીજા હિટલર શા માટે કહેવામાં આવી રહ્યા છે ? બાદમાં, જ્યારે ટ્રમ્પે આ વીડિયો સોશિયલ મીડિયા ઉપરથી હટાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે આખી દુનિયામાં ફેલાઈ ગયો હતો અને દરેક જગ્યાએ તેની નિંદા થઈ હતી. એલેક્ઝાન્ડ્રા ફિરમેન હાર્વર્ડ પોલિટિકલ રિવ્યૂમાં લખે છે કે, થોડા દાયકા પહેલા હિટલરે સ્લોવાકિયા, રશિયા, યુક્રેન અને બેલારૂસથી આવેલા યહૂદી ઈમિગ્રન્ટ્સના વંશજો સાથે જે કર્યું તે ભયાનક હતું. હવે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની હિટલર સાથે સરખામણી એ ખૂબ જ ચિંતા અને દુઃખનો વિષય છે. જો આપણા તે યહૂદી પૂર્વજો આજે અમેરિકામાં હોત, તો ટ્રમ્પને તક મળે તો તેઓ તેમને મારી નાખત. ફીરમાને ટ્રમ્પના ઈમિગ્રન્ટ્સ અંગેના આદેશના સંદર્ભમાં આ વાત કહી હતી. તેમણે લખ્યું કે, ટ્રમ્પનું નિવેદન એડોલ્ફ હિટલરના જાતિવાદ અને અમાનવીયકરણ જેવું જ છે. તેમની ભાષા, જાતિ, વંશીયતા અથવા નાગરિકતા અંગેની તેમની ચર્ચાઓ એક સર્વાધિકારી સરમુખત્યાર જેવી છે. ૨૦૨૩માં, ટ્રમ્પે ઓછામાં ઓછા ચાર વખત દલીલ કરી હતી કે ઈમિગ્રન્ટ્સ યુનાઈટેડ સ્ટેટ્સના લોહીમાં ઝેર ફેલાવી રહ્યા છે. હિટલરે પોતાના પુસ્તક, મેઈન કેમ્ફમાં દાવો કર્યો હતો કે ભૂતકાળની બધી મહાન સંસ્કૃતિઓ ફક્ત એટલા માટે નાશ પામી કારણ કે તેમાં લોહિયાળ ઝેર દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, ટ્રમ્પ અને હિટલર દ્વારા ઉપયોગમાં લેવાતા નિવેદનો વચ્ચે આ સૌથી સ્પષ્ટ સમાનતા છે. પરંતુ આ તેમની વચ્ચે આ એકમાત્ર સમાનતા નથી. તેમણે લખ્યું કે, તેમના પ્રથમ પ્રચાર અભિયાનની શરૂઆતથી જ, ટ્રમ્પે ઈમિગ્રન્ટ્સ અને લઘુમતી ઓળખ જૂથોને નિશાન બનાવવા માટે સતત ઝેનોફોબિક રેટરિકનો ઉપયોગ કર્યો છે. ૨૦૧૫ના ભાષણમાં, તેમણે મેક્સીકન ઈમિગ્રન્ટ્સને બળાત્કારીઓ તરીકે વર્ણવ્યા હતા જેઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં ડ્રગ્સ અને ગુના કરવા આવે છે. ૨૦૨૦માં, યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ તરીકે, ટ્રમ્પે વારંવાર COVID19 રોગચાળાને 'ચાઈનીઝ વાયરસ' તરીકે ઓળખાવ્યો હતો. ટ્રમ્પે તેમના ૨૦૨૪ના પ્રચાર દરમ્યાન ઈમિગ્રન્ટ્સને વધુ તીવ્રતાથી નિશાન બનાવ્યા છે. તેમણે બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સને પ્રાણીઓ કહ્યા અને કહ્યું કે તેઓ માણસો નથી. તેઓએ હૈતીયન ઈમિગ્રન્ટ્સ ઉપર પાલતુ પ્રાણીઓ ખાવાનો ખોટો આરોપ લગાવ્યો. એનો અર્થ એ છે કે ટ્રમ્પે આ બધા પ્રત્યે નફરત ફેલાવી છે.

# UKએ ભારતમાંથી $64.82 ટ્રિલિયન મેળવ્યા; ૨૦૨૪માં અબજોપતિઓની સંપત્તિમાં $2 ટ્રિલિયનનો વધારો થયો : ઓક્સફેમ રિપોર્ટ

(એજન્સી) તા.૫

વસાહતી યુગનું શોષણ આધુનિક વૈશ્વિક અસમાનતા અને સંપત્તિ વિતરણને અસર કરી રહ્યું છે. ઐતિહાસિક વસાહતીવાદના સમય દરમ્યાન શરૂ થયેલી અસમાનતા અને લૂંટ એ આધુનિક જીવનને આકાર આપી રહ્યું છે. આનાથી એક ઊંડી અસમાન દુનિયાનું નિર્માણ થયું છે, જાતિવાદ ઉપર આધારિત વિભાજનથી ગ્લોબલ નોર્થના સૌથી ધનિક લોકોને લાભ આપવા માટે ગ્લોબલ સાઉથમાંથી સંપત્તિ એકઠી કરી રહ્યા છે. ઓક્સફેમે ગણતરી કરી હતી કે ૧૭૬૫ અને ૧૯૦૦ની વચ્ચે, યુકેના સૌથી ધનિક ૧૦ ટકા લોકોએ ભારતમાંથી જ સંપત્તિ મેળવી હતી જે આજના નાણામાં USD ૩૩.૮ ટ્રિલિયન જેટલી હતી. આધુનિક બહુરાષ્ટ્રીય કોર્પોરેશન વસાહતવાદનું સર્જન અંગે, ઓક્સફેમે કહ્યું કે તે ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવા કોર્પોરેશનો દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું, જે પોતે જ એક કાયદો બની ગયું હતું અને ઘણા વસાહતી ગુનાઓ માટે જવાબદાર હતું. ઓક્સફેમે જણાવ્યું હતું કે ગ્લોબલ સાઉથમાં વેતન સમાન કૌશલ્યના કામ માટે ગ્લોબલ નોર્થમાં વેતન કરતાં ૮૭ ટકાથી ૯૫ ટકા ઓછું છે. મોટા બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ પર પ્રભુત્વ ધરાવે છે, સસ્તા શ્રમ અને ગ્લોબલ સાઉથમાંથી સંસાધનોના સતત નિષ્કર્ષણનો લાભ મેળવે છે; તેઓ મોટાભાગનો નફો કબજે કરે છે અને આર્થિક માધ્યમો દ્વારા નિર્ભરતા, શોષણ અને નિયંત્રણને કાયમી બનાવે છે. ઓક્સફેમે જણાવ્યું હતું કે, ૧૭૬૫ અને ૧૯૦૦ વચ્ચેના ૧૦૦ વર્ષથી વધુ સમયથી વસાહતીવાદ દરમ્યાન યુકે દ્વારા ભારતમાંથી કાઢવામાં આવેલા નાણાં સૌથી ધનિકો ઉપરાંત, વસાહતીવાદના મુખ્ય લાભાર્થીઓ નવા ઉભરતા મધ્યમ વર્ગ લોકો હતા. આ આવકનો ૫૨ ટકા હિસ્સો મેળવનારા સૌથી ધનિક ૧૦ ટકા પછી નવા મધ્યમ વર્ગને આવકનો વધુ ૩૨ ટકા મળ્યો હતો. આ ઉપરાંત, ૧૭૫૦માં ભારતીય ઉપખંડ વૈશ્વિક ઔદ્યોગિક ઉત્પાદનમાં આશરે ૨૫ ટકા હિસ્સો ધરાવતો હતો. જોકે, ૧૯૦૦ સુધીમાં આ આંકડો ઝડપથી ઘટીને માત્ર ૨ ટકા થઈ ગયો હતો. ઓક્સફેમે જણાવ્યું હતું કે વસાહતીવાદ ખાનગી બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા સંચાલિત હતો, જેમને એકાધિકાર આપવામાં આવતો હતો અને વિદેશમાં વિસ્તરણમાંથી જંગી નફો મેળવતો હતો. અનેક વસાહતી કોર્પોરેશનોએ બળવાખોરોને નિર્દયતાથી કચડી નાખવા માટે પોતાની સેનાનો ઉપયોગ કર્યો હતો. ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સેનામાં કુલ ૨,૬૦,૦૦૦ સૈનિકો હતા જે બ્રિટિશ શાંતિ સમયની સેના કરતા બમણા હતા. ૧૮૩૦થી ૧૯૨૦ સુધી ૩૭ લાખ ભારતીય, ચીની, આફ્રિકન, જાપાની, મેલાનેશિયન અને અન્ય લોકોને વસાહતી વાવેતરો અને ખાણોમાં કામ કરવા અને કરારબદ્ધ મજૂરો તરીકે માળખાગત સુવિધાઓ સ્થાપવા માટે પરિવહન કરવામાં આવ્યા હતા. ૧૮૭૫માં ભારતમાં સૌથી વધુ કમાણી કરનારા લોકો મુખ્યત્વે સૈન્ય અને વહીવટના યુરોપિયન અધિકારીઓ હતા, પરંતુ ૧૯૪૦ સુધીમાં તેઓ મુખ્યત્વે વેપારીઓ, બેંકરો અને ઉદ્યોગપતિઓ હતા. સ્વતંત્રતા પછી ગ્લોબલ સાઉથના ઘણા દેશોમાં સંપત્તિ અને રાજકીય શક્તિ સૌથી ધનિક લોકોમાં કેન્દ્રિત રહી હતી.

આજે આ દેશો જે અસમાનતાનો અનુભવ કરે છે તે નોંધપાત્ર રીતે વસાહતી નિર્માણ છે. બ્રિટિશ વસાહતી સમયગાળા દરમ્યાન ભારતમાં, જાતિ વ્યવસ્થાને કાનૂની અને વહીવટી પગલાં દ્વારા ઔપચારિક બનાવવામાં આવી હતી. વિશ્વ ઓપીઓઈડ કટોકટીમાં ફાળો આપનારા કોર્પોરેટ લોભના વારસાને દર્શાવે છે. એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે ડચ અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા બંને કંપનીઓએ તેમના વસાહતી શાસનને મજબૂત કરવા માટે અફીણના વેપારનો ઉપયોગ કર્યો હતો. પૂર્વ ભારતમાં ઔદ્યોગિક સ્તરે અફીણનું ઉત્પાદન




પ્રોત્સાહન આપવામાં આવ્યું, જ્યાં ૧૭૫૭થી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનો એકાધિકાર હતો અને આ ઉત્પાદન ચીનમાં નિકાસ કરવામાં આવ્યું હતું. ઓગણીસમી સદીના મધ્યમાં અફીણ ચીનની કુલ આયાતના અડધાથી વધુ હતું અને મીઠું અને જમીન કર પછી તે બ્રિટિશ રાજનો ત્રીજો સૌથી મોટો આવક સ્ત્રોત હતો. આ પેટન્ટ કંપનીએ દાવો કર્યો હતો કે તેની પેટન્ટ એક અનોખી શોધનું ઉત્પાદન છે, ત્યારે ઓક્સફેમે જણાવ્યું હતું કે ભારતના ગ્રામીણ ખેડૂતો દ્વારા ૨,૦૦૦ વર્ષથી વધુ સમયથી જંતુનાશક, સાબુ અને ગર્ભનિરોધકમાં લીમડાના અર્કનો ઉપયોગ કરવામાં આવે છે. યુરોપિયન પેટન્ટ ઓફિસના ટેકનિકલ બોર્ડ ઓફ અપીલે ૧૦ વર્ષની કાનૂની કાર્યવાહી પછી આ પેટન્ટ રદ કરી દીધી હતી. ઓક્સફેમે જણાવ્યું હતું કે વસાહતી યુગમાં શરૂ થયેલા અશ્મિભૂત ઈંધણનું વિશાળ શોષણ આજે પણ ચાલુ છે, જેના કારણે વિશ્વ આબોહવા ભંગાણના આરે પહોંચી ગયું છે. આ અહેવાલમાં વસાહતી શક્તિઓએ ઓટ્ટોમન સામ્રાજ્ય અને ભારતને કેવી રીતે વિભાજીત કર્યા તે વિશે પણ વાત કરવામાં આવી હતી. તેમાં અભ્યાસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ૧૮૯૧થી ૧૯૨૦ દરમિયાન ભારતમાં બ્રિટિશ શાસન હેઠળ ૫.૯ કરોડ મૃત્યુ થયા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અનાજની આયાત ઉપર પ્રતિબંધો, જે જાતિવાદી વિચારસરણી પર આધારભૂત હતા, તે ૧૯૪૩ના બંગાળ દુષ્કાળ માટે નોંધપાત્ર રીતે જવાબદાર છે જેમાં હાલના ભારત અને બાંગ્લાદેશમાં અંદાજે ૩૦ લાખ લોકોનો જીવ ગયો હતો. WTO ઐતિહાસિક રીતે ગ્લોબલ સાઉથના હિતોને સાચવવામાં નિષ્ફળતા અંગે ઓક્સફેમે જણાવ્યું હતું કે આ ફક્ત ઉત્તરીય દેશોને જ નહીં પરંતુ ગ્લોબલ નોર્થમાં સ્થિત કોર્પોરેશનોને પણ મદદ કરે છે, જેમ કે COVID-19 રોગચાળા દરમ્યાન હતું જ્યારે જીવનરક્ષક રસીઓ, સારવાર અને અન્ય તકનીકો ઉપર બૌદ્ધિક સંપદા પ્રતિબંધોને સંપૂર્ણ માફ કરવા માટે WTO ખાતે દક્ષિણ આફ્રિકન અને ભારતીય દરખાસ્તને ૧૦૦થી વધુ દેશોએ ટેકો આપ્યો હતો પરંતુ સમૃદ્ધ રાષ્ટ્રોએ સફળતાપૂર્વક વિરોધ કર્યો હતો. ઓક્સફેમે દાવો કર્યો હતો કે વિશ્વ બેંકના ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (IFC)એ ભારતના શહેરી કેન્દ્રોમાં ઉચ્ચ કક્ષાની ખાનગી હોસ્પિટલોને નાણાં પૂરા પાડ્યા છે, ભારત એક એવો દેશ છે જ્યાં ૩૭ ટકા ભારતીયો ખાનગી હોસ્પિટલોમાં ઉચ્ચ આરોગ્ય ખર્ચ કરવો પડે છે અને આ માનવ અધિકારોનું ઉલ્લંઘન છે. સત્તાવાળાઓ સિંચાઈ પ્રણાલીઓનું સમારકામ કરવામાં નિષ્ફળ ગયા, જેના કારણે કૃષિ ઉત્પાદકતામાં ઘટાડો થયો અને દુષ્કાળ વધુ તીવ્ર બન્યો અને આધુનિક સમયમાં પણ આવું જ થઈ રહ્યું છે.

# ભાજપ કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ફોર્મ ખેંચાવીને પોતે બીનહરીફ ચુંટાઈને લોકશાહીને ખતમ કરી રહયું છે : વી.ટી. સીડા

## જૂનાગઢ મનપા અને બાંટવા પાલિકામાં ભાજપ વિકાસના નામે ચુંટણી જીતી શકે તેમ નથી


જૂનાગઢ તા. ૫

જૂનાગઢ મહાનગર અને બાંટવા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિકાસના નામે હવે ચુંટણી જીતી શકે તેમ નથી. માટે તોડ-જોડની નીતિ અખત્યાર કરી કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ફોર્મ ખેંચાવીને પોતે બીનહરીફ ચુંટાઈને લોકશાહીને ખતમ કરી લોકોના મતઅધિકારો છીનવે છે. જેનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ અને વખોડીયે છીએ તેમ વી.ટી.સીડા (મહામંત્રી) જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિએ જણાવેલ છે.

જૂનાગઢ મહાનગરપાલિકા અને બાંટવા નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષમાંથી ફોર્મ ભરીને કોંગ્રેસ સાથે ગદ્દારી કરી ફોર્મ ખેચી લોકોને પોતાના મતધિકારથી વંચિત રાખનાર ગદ્દારોને જૂનાગઢ અને બાંટવા શહેરની જનતા ક્યારેય માંફ નહી કરે.

જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચુંટણી-૨૦૨૫ માં જૂનાગઢ મહાનગરપાલિકા અને માણાવદર તાલુકાની બાંટવા નગરપાલિકામાં જે ઉમેદવારો ઉપર કોંગ્રેસ પક્ષે પાર્ટી અને જનતાની સેવા કરશે તેવો વિશ્વાસ મુકીને ઉમેદવાર તરીકે પસંદ કરેલ હતા તેમાંથી અમુક ગદ્દારોએ માત્રને માત્ર પોતાના સ્વાર્થ ખાતર ઉમેદવારી પત્ર ખેંચીને કોંગ્રેસ સાથે ગદ્દારી કરેલ છે અને લોકશાહીમાં લોકોના મતઅધિકારો છીનવેલ છે તેવા ગદ્દારોને કોંગ્રેસ પક્ષ ક્યારેય માફ નહી કરે. કોંગ્રેસ પક્ષના ફોર્મ ખેંચાવાથી લોકોએ પણ ખુશ થવાની જરૂર નથી. કારણ કે ભારતીય જનતા પાર્ટીના લોકો લોકશાહી રીતે લોકોનો વિશ્વાસ જીતીને ક્યારેય ચુંટાય શકે તેમ નથી. માટે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવી ભયનું વાતાવરણ ઉભુ કરીને કોંગ્રેસ પક્ષના ઉમેદવારોને ડરાવી, ધમકાવી અને લોભ લાલચ આપી ફોર્મ ખેંચાવીને લોકોના મતઅધિકારો છીનવીને સરમુખત્યારી શાસન તરફ રાજ્યને અને જૂનાગઢ જિલ્લાને ધકેલવા માંગે છે. કારણ કે ભાજપના શાસનમાં જૂનાગઢને વિકાસને બદલે વિનાશ તરફ ધકેલ્યો છે તે આવનારા મતાધિકારના દિવસે જૂનાગઢની જનતાએ ભુલવાનું નથી તેવું જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ મહામંત્રી વી.ટી.સીડાની યાદીમાં જણાવેલ છે.

# માણાવદર ખાતે પ.પૂ.મહામંડલેશ્વર શ્રી કનકેશ્વરી માતાજીની ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન



માણાવદર તા. ૫

માણાવદરમાં સુપ્રસિધ્ધ મહંત નેહલગીરી બાપુએ જંગલમાં મંગલ ઉભું કર્યુ છે. અગાઉ અનેક કથાઓ, ધાર્મિક કાર્યક્રમો કર્યા છે. ફરી આગામી તા.૧૩-૨-૨૫ થી ૨૦-૨-૨૫ સુધી પ.પૂ. મહામંડલેશ્વર કનકેશ્વરી માતાજીના વ્યાસાસને મુખ્ય વકતા રહી તેઓ ભાગવત સપ્તાહનું રસપાન કરાવશે. અગાઉ તેઓ અહીં કથાઓ કરી ચુકયા છે. તેઓ ત્રીજી વખત ફરી કથા કરશે. તા.૧૩ ના રોજ બપોરે ૨ વાગ્યે પોથીયાત્રા, તા.૧૪ ના રોજ કપિલ પ્રાગટય, તા.૧૫ ના રોજ નૃસિંહ પ્રાગટય, તા.૧૬ના રોજ વામન પ્રાગટય, તા.૧૭ના રોજ રામકૃષ્ટ પ્રાગટય, તા.૧૮ના રોજ ગોવર્ધન પૂજા, તા.૧૯ ના રોજ શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ તથા તા.૨૦ના રોજ પરીક્ષિત મોક્ષ તેવી રીતે કથાનું રસપાન કરાવશે. તેમજ સાંજે ૯ વાગ્યે સંતવાણીનો કાર્યક્રમ રાખેલ છે જેમાં કલાકારો ભજનની રમઝટ બોલાવશે. કથા બાદ દરરોજ સાંજે ૭ વાગ્યા પછી મહાપ્રસાદ શ્રોતાઓ માટે રાખેલ છે તેમજ તેજ દિવસે બ્રહ્મલીન ગુરૂ રી મંસાગીરીજી મહારાની તિથીની પણ ઉજવણી થશે.

# કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ભાજપની ૪ બેઠક બિનહરીફ જાહેર થઈ

## નગરપાલિકા માટે હવે ૭ વોર્ડ ની ૨૪ બેઠકો માટે ૪૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે, આપ ના ફકત ૨ જ ઉમેદવારો રહેતા ભાજપ - કોંગ્રેસ વચ્ચે દ્રીપાખીયો ચૂંટણી જંગ થશે


(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૫

કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં ગઈકાલે ફોર્મ ચકાસણી માં ૧૨ ઉમેદવારો એ ઉમેદવારી પરત ખેંચતા અને ૪ ઉમેદવારોના ફોર્મ રદ થયા બાદ આજે વધુ આપ પાર્ટીના ૫ ઉમેદવારો એ ઉમેદવારી પરત ખેંચતા ભાજપ ના ૪ સભ્યો બિન હરીફ જાહેર થતાં હવે ૭ વોર્ડ ની ૨૪ બેઠકો માટે ૪૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે.

ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે આમ આદમી પાર્ટીના વોર્ડ નં.૨ માંથી નાગલબેન નાથાભાઈ ચુડાસમા, ભાવસિંગભાઈ નાથાભાઈ ચુડાસમા, વોર્ડ નં.૫ માંથી રવિભાઈ લખમણભાઈ કામલીયા, પ્રીતમભાઈ અશોકભાઈ સોલંકી અને વોર્ડ નં.૬ માંથી બાલુભાઈ રામભાઈ કામલીયા એ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતાં ભાજપમાંથી વોર્ડ નં.૩ માંથી ખાતુન એહસાનભાઈ નકવી અને સબાનાબેન રફિકભાઈ કચ્છી અને વોર્ડ નં.૭માં રૂપાબેન જગદીશભાઈ મેર અને નીમુબેન પ્રતાપભાઈ બારડ સહિત ૪ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. હવે કોડીનાર નગરપાલિકામાં ૭ વોર્ડની ૨૪ બેઠકો માટે ભાજપના ૨૪ કોંગ્રેસના ૧૮ અને આમ આદમી પાર્ટીના ૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ જામશે.આપ પાર્ટીના ૧૨ માંથી ૧૦ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા હવે મુખ્યત્વે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી જંગ થશે.

# સ્વર કિન્નરી લતા મંગેશકર : સ્મરણોના સથવારે



મહાન ગાયિકા લતા મંગેશકરનો તા.૬ ફેબ્રુઆરીના રોજ વિશેષ સ્મૃતિ દિન છે. તેમની સાથે અનેક સિને ક્ષેત્રના લોકોની મધુર સ્મૃતિઓ સંકળાયેલી છે. અનેક ફિલ્મ ક્ષેત્ર સિવાયના લોકોની પણ સ્મૃતિઓ જોડાયેલી છે.

ગાયિકા રીચા શર્મા કહે છે, 'મે લતાજી સાથે મુલાકાત અગાઉથી નકકી કરી મને કહેવામાં આવેલું પાંચ મિનીટથી વધારે સમય ન લેવો, મેં કહયું, મારા માટે બે મિનીટ જ પુરતી થશે, એમના દર્શન કરવા હું તેમના ઘરે પહોંચી. લતાજીએ ઉમળકાભેર આવકાર આપ્યો. હું મારા નવા ગીતના આલ્બમનું વિમોચન તેમના વરદ્હસ્તે કરવા માંગતી હતી. લતાજીએ ઉભા થઈને આલ્બમનું વિમોચન કર્યુ. મેં તેમને એક રચના ગાઈ સંભળાવી ત્યારે 'વાહ-વાહ' જેવા ઉદ્ગારોથી મને દાદ પણ આપી. અમારી મુલાકાત બે થી અઢી કલાક ચાલી. તેમણે મેં જયારે તેમને નમન સાથે પ્રણામ કર્યા ત્યારે મને ભેટ (મોટા ભાગે ગળામાં પહેરવાની માળા) આપી. મેં તેમણે કહયું, આ મારા માટે આપના આશીર્વાદ છે. હું તેને કાળજીથી સાચવી રાખીશ. મારા માટે આ મુલાકાત સ્વર્ણિમ સ્મૃતિ બની રહી.'

સુપ્રસિધ્ધ પાર્શ્વ ગાયિકા શ્રેયા ઘોષાલ કહે છે 'હું રેકોર્ડીંગ માટે ઘણીવાર સ્વર લતા સ્ટુડીયોમાં જતી હતી. એક વખત ત્યાં ઉપરના માળે મારૂં રેકોર્ડીંગ હતું. અચાનક સાજીંદાઓ સચિત બધાએ કામ રોકી દીધું, મારાથી કંઈ ગાવામાં ભુલ થઈ કે શું? તેવો પ્રશ્ન મનમાં ઉદ્ભવ્યો. ત્યાં જ કોઈએ મને કીધું, નીચે ચાલો, તમારા માટે સરપ્રાઈઝ છે. હું નીચે પહોંચી તો ોલબીમાં સફેદ વસ્ત્રધારી, હોઠ ઉપર મધુર સ્મિત સાથે લતાજી સામે હતા. મને શું બોલવું તે સમજ પડી નહીં. હું એ વખતે એક પણ શબ્દ કદાચ યોગ્ય રીતે બોલી શકી નહીં હોઉં, મારૂં પડી જવાનું જ બાકી રહયું.' જેમનો મધુર સ્વર આપણે સાંભળતા રીએ છીએ એવા સ્વર કિન્નારી લતાજીને સાદરભરી શ્રધ્ધાંજલી...

– રાજેશ નાણાવટી (જૂનાગઢ)

# પ્રાકૃતિક કૃષિ જમીન અને જન સ્વાસ્થ્ય માટે કલ્યાણકારી જમીન અને આપણાં સ્વાસ્થ્યનું જતન કરતી પ્રાકૃતિક ખેતી વિષે જાણીએ

જૂનાગઢ, તા.૫

ગુજરાત રાજ્યના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને પ્રાકૃતિક ખેતી કરવા જ પ્રેરાય તે માટે અવનવી ખેડૂતલક્ષી યોજનાઓ, સહાય, ખેડૂત જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશન હેઠળ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા પ્રોત્સાહિત કરાઈ રહ્યા છે અને આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે આ પ્રયાસમાં ખેડૂતો સ્વેચ્છાએ જોડાઈ પણ રહ્યા છે.

સામાન્ય રીતે ખેતીમાં વધુ ઉત્પાદન માટે રાસાયણિક ખાતરો વપરાય છે અને પાકને જંતુઓ કે રોગથી રક્ષણ માટે ઝેરી જંતુનાશક દવાઓનો વપરાશ કરવામાં આવે છે. આ પદ્ધતિના ગેરફાયદા એ છે કે ઉપજમાં ઝેરી જંતુનાશકો રહી જાય છે, જે સ્વાસ્થ્ય નુકશાન કરે છે. વધુમાં જમીનની કુદરતી ઉત્પાદનક્ષમતા લાંબા સમયે ઘટી જાય છે. બીજો એક પ્રકાર છે જૈવિક ખેતી, જેમાં છાણિયા ખાતર, લીલો પડવાશ, ખોળ, જૈવિક ખાતરો, અળસિયાં દ્વારા રાસાયણિક ખાતર વગર ખેતી કરાય છે. રોગ નિયંત્રણ માટે પરભક્ષી જીવાતો, અન્ય પરંપરાગત પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, રાસાયણિક જંતુનાશકો વપરાતાં નથી. આ પદ્ધતિમાં રાસાયણિક ખાતરો વગર ઉપજ મેળવી શકાય છે, પરંતુ નિષ્ણાંતોના મતે નાના ખેડુતો માટે તે થોડી ખર્ચાળ છે અને જંતુઓ તેમજ રોગ નિયંત્રણ એટલું અસરકારક જોવા મળતું નથી.

હાલના સમયમાં કૃષિ ઉત્પાદનમાં જંતુનાશક દવાઓના ઝેરી તત્વો સ્વાસ્થ્ય ન જોખમાવે તે જરૂરી બન્યું છે, વળી જમીનોમા રાસાયણિક ખાતરોના ઉપયોગને લિધે દિવસે ને દિવસે પોતાની પ્રાકૃતિક ઉત્પાદનક્ષમતા ઘટી રહી છે તેવું કૃષિ વૈજ્ઞાનિકોનું માનવું છે. એવામાં પ્રાકૃતિક ખેતી એ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને સ્વાસ્થયપ્રદ ઉપજ મેળવવા માટે એક વ્યાવહારિક વિકલ્પ બની છે.

૩૦ એકર જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતી માટે એક ગાયના ગૌમુત્ર અને છાણ પર્યાપ્ત હોય છે. નાના ખેડુતો માટે પણ પ્રાકૃતિક ખેતી ફાયદાકારક છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ મોડેલ પાંચ સ્તંભ પર આધારીત છે. જે સ્તંભો બીજામૃત, જીવામૃત, વાપ્સા, આચ્છાદન અને મિશ્ર ખેતી છે. આ પાંચેય સ્તંભ વિષે પ્રાથમિક પરિચય મેળવીએ.'બીજામૃત' દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, પલાળેલો ચુનો અને પાણી તેમજ માટીના મિશ્રણથી તૈયાર કરી શકાય છે. બીજામૃતમાં બિયારણને નિર્ધારિત કલાકો સુધી પલાળીને છાયામા સુકવ્યા બાદ વાવેતર કરવામાં આવે છે. 'જીવામૃત' એ દેશી ગાયનું છાણ, ગૌમૂત્ર, ગોળ, બેસન, પાણી અને માટીનાં મિશ્રણ દ્વારા બનાવાય છે, જે સુક્ષ્મજંતુઓનો ભંડાર છે અને જરૂરી પોષકતત્વો પુરા પાડવામાં અગત્યની ભુમિકા ભજવે છે, જેને પિયત સાથે કે છંટકાવ સ્વરૂપે વાપરવામાં આવે છે. 'વાપ્સા' એટલે ભેજ કે વરાપ વ્યવસ્થાપન. છોડને પાણી જ નહિં પણ ભેજ એટલે કે પાણી અને હવાનું સંતુલિત પ્રમાણ જોઈએ, જે વાપ્સા દ્વારા પુરૂં પડાય છે. અલગ અલગ પાકો અને જમીનના ઢાળ મુજબ પાણીની નિક તૈયાર કરીને વરાપ વ્યવસ્થાપન કરવામાં આવે છે.

'આચ્છાદન' એટલે જમીનને ઢાંકીને રાખવી જેથી સેન્દ્રિય કાર્બનનું પ્રમાણ વધે અને તે ઉડી ન જાય. જમીનને ઢાંકવાથી ભેજનું પ્રમાણ જળવાઈ રહે છે અને પાણીની મોટી બચત થાય છે. વધુમાં સુર્યપ્રકાશ ન મળતાં નિંદામણની સમસ્યા પણ રહેતી નથી. આચ્છાદિત ખેતરમાં દિવસે પણ અળસિયા કાર્ય કરીને ઓક્સિજન, ખાતર આપે છે તેમજ જમીનની પાણી સંગ્રહ ક્ષમતા વધારી આપે છે. વધુપડતી ગરમીમાં ભેજને કારણે છોડ સુકાઈ જવાનો ડર રહેતો નથી. મિશ્ર ખેતી' એટલે મિશ્ર પાક પદ્ધતિ. એક પાકની સાથે અન્ય પાકની પસંદગી એવી રીતે કરવામાં આવે છે કે જેથી બંને પાક સારી રીતે વિકાસ પામે. સહજીવી પાક મુખ્ય પાક કરતાં અડધી કે તેથી ઓછી મુદતનો, ઝડપથી વૃદ્ધિ પામતો અને મુખ્ય પાકને સુર્યપ્રકાશથી રક્ષણ આપી શકે, પાન વધુ ખરતાં હોય તેવો પસંદ કરવામાં આવે છે.

આ ઉપરાંત પોષક તત્વોની આપુર્તિ માટે જૈવિક અર્ક, સપ્તધાન્યાંકુર અર્ક, નવ બીજાંકુર અર્ક વગેરે વાપરવામાં આવે છે. પાક સંરક્ષણ માટે દસપર્ણી અર્ક, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, અગ્નિ અસ્ત્ર, ખાટી છાશવડે ફુગનાશક દવા, અને અન્ય રીતો અપનાવવામાં આવે છે. આ અર્ક કે અસ્ત્રમાં કોઈ ઝેરી રસાયણ નથી હોતાં અને તે ઘરેલુ વસ્તુઓમાંથી બનાવી શકાય છે. આમ, પ્રાકૃતિક ખેતી પ્રચલિત રાસયણિક ખાતરો અને જંતુનાશકોવાળી ખેતીનો એક ઉપાય બની રહી છે. દિવસે ને દિવસે વધુ ને વધુ ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યાં છે. લોકોમાં આરોગ્ય પ્રત્યે સભાનતા આવી છે, જેથી ઝેરમુક્ત ઉત્પાદનો માટે સારાં ભાવો પણ મળી રહે છે. સરકાર પણ વિવિધ સહાય દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી રહી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા

# મહાકુંભમાં રાજકોટથી પ્રયાગરાજની ખાસ પેકેજ બસનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવતા મહાનુભાવો

## રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટની મુસાફરી માટે કુલ ૬ બસ ફાળવવામાં આવી : મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્યો ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાએ મુસાફરોને પુષ્પગુચ્છ આપીને યાત્રા આરામદાયક અને સફળ રહે તેવી શુભેચ્છા પાઠવી




(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૫

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા શ્રદ્ધાળુઓને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાની સુવિધા આપવા નવીન વોલ્વો બસ સેવા શરૂ કરવા આવી છે. જે અન્વયે તા. ૪ ફેબ્રુઆરીના રોજ રાજકોટ મેયર નયનાબેન પેઢડીયા તેમજ ધારાસભ્ય સર્વે ડો. દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા રાજકોટથી પ્રયાગરાજની ખાસ પેકેજ બસનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કર્યા બાદ મુસાફરોને પુષ્પગુચ્છ આપી અને મોઢું મીઠું કરાવીને યાત્રા આરામદાયક અને સફળ રહે, તેવી શુભેચ્છા પાઠવી લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ તકેરાજકોટ એસ.ટી.ના વિભાગીય નિયામકશ્રી જે. બી. કલોતરા અને વહીવટી અધિકારીશ્રી ધવલભાઈ વાઘેલા સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટ બસની સેવાઓ રાજકોટ-પ્રયાગરાજ-રાજકોટની મુસાફરી માટે કુલ ૬ બસ ફાળવવામાં આવી છે. રાજકોટથી દરરોજ એક બસ સવારે ૫ કલાકે ઉપડશે અને બીજે દિવસે સાંજે ૭ કલાકે પ્રયાગરાજ ખાતે પહોંચશે. એ પછીના દિવસે બપોરે ૧ કલાકે બસ પ્રયાગરાજથી નીકળશે અને બીજે દિવસે રાત્રે ૨ કલાકે બસ રાજકોટ પહોંચશે. પેકેજ બસના મુસાફરો માટે પ્રથમ અને ત્રીજી રાત્રે રહેવાની વ્યવસ્થા બારણ (મધ્યપ્રદેશ બોર્ડર) મુકામે કરવામાં આવી છે. યાત્રિકોએ પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે. બસનું વ્યક્તિદીઠ પેકેજ ભાડું રૂ. ૮,૮૦૦ છે. આ બસનું ઓનલાઈન બુકિંગ એસ.ટી. નિગમની વેબસાઈટ www. gsrtc. in ઉપરથી કરી શકાશે. મુસાફરોના પ્રતિભાવો ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર : લાભાર્થી શીતલબેન જોશી મહાકુંભ મેળો શરુ થયો ત્યારથી તેનો લાભ લેવાની ખૂબ ઈચ્છા હતી. પરંતુ કઈ રીતે ત્યાં પહોંચવું, તેની ચિંતા હતી. તેવામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પ્રયાગરાજ જવા સરસ મજાની બસ સેવા ફાળવતા હાશકારો થયો. જેથી હવે આ બસમાં પતિ શ્રી ચેતનભાઈ, દીકરી જાનવીબેન અને સાસુ કિરણબેન, એમ પરિજનો સાથે મહાકુંભ મેળામાં જઈ રહી છું, તે વાતનો આનંદ છે. ગુજરાત સરકાર બસ સેવાનું આયોજન કરીને પુણ્ય કાર્યમાં સહભાગી થઈ રહી છે, ખૂબ ખૂબ આભાર. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું : લાભાર્થી મહિપાલસિંહ ગોહિલ અનેક ભક્તો ૧૪૪ વર્ષે યોજાતા મહાકુંભ મેળામાં જવા તત્પર છે. લાખો લોકોની ભીડના લીધે રહેવા- જમવાની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ત્યારે સરકારે મેળામાં આવવા-જવાની સગવડતા કરી આપી છે. રાજકોટથી પ્રથમ બસમાં મને માતા સાથે પ્રયાગરાજ ખાતે મહાકુંભ મેળામાં જવાનો મોકો મળ્યો છે. આ બસ સેવાનો લાભ લઈને ત્રિવેણી સંગમમાં ડૂબકી લગાવી ધન્યતાની અનુભૂતિ કરી શકીશું. જેના બદલ અમે ગુજરાત સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

# વાહન ખરીદવા લીધેલ લોનના ચેક રીટર્ન થવાના ત્રણ કેસમાં જૂનાગઢ કોર્ટે આપેલ દાખલારૂપ ચુકાદાઓ

જૂનાગઢ તા. ૫

વાહન ખરીદવા લીધેલ લોનના ચેક રીટર્ન થતા આરોપીને બે વર્ષની સજાનો હુકમ જૂનાગઢ કોર્ટે કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, દિનેશભાઈ અરજણભાઈ રાઠોડ રહે. વીજાણુરવાળાએ વાહન ખરીદવા શ્રીરામ ફાયનાન્સ લી. કંપનીમાંથી લોન લીધેલ હતી. સદરહું લોન પેટે આપેલા ચેક રીટર્ન થતાં ફાયનાન્સ કંપની તરફથી જૂનાગઢ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ હતો. જે કેસ ચાલી જતાં જૂનાગઢના ત્રીજા એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ડી.એમ. ચંપાનેરીયાએ આરોપી દિનેશભાઈ અરજણભાઈ રાઠોડને બે વર્ષની સાદી કેદ તથા રૂા.૧,૭૫,૦૦૦ ૯ ટકા વ્યાજ સહિત ફરીયાદીને ચુકવવા હુકમ કરેલ છે.

બીજા એક કેસમાં કિશાભાઈ ઉકાભાઈ કામરીયા રહે. શાપુર માંગરોળ વાળાએ વાહન ખરીદવા શ્રીરામ ફાયનાન્સ લી. કંપનીમાંથી લોન લીધેલ હતી જેના ચેક પરત ફરતા આરોપી સામે જૂનાગઢ કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ હતો તે કેસ ચાલી જતાં જૂનાગઢના બીજા એડી. જયુડી. મેજી. ફ.ક. કુ.ડી.પી. છાંટબારએ આરોપી કિશાભાઈ ઉકાભાઈને એક વર્ષની સાદી કેદ તથા રૂા.૩,૫૦,૦૦૦/- વળતર પેટે ચુકવવા આરોપી સામે હુકમ કરેલ છે.

ત્રીજા એક કેસમાં દક્ષેષભાઈ હર્ષદભાઈ જોષી રહે.વંથલી વાળાએ પણ વાહન ખરીદવા શ્રીરામ ફાયનાન્સ કંપનીમાંથી લોન લીધેલ જેના ચેક પરત ફરતા જૂનાગઢ કોર્ટમાં ફોજદારી કેસ ફાયનાન્સ કંપની તરફથી દાખલ કરવામાં આવેલ હતો. જે કેસ ચાલી જતાં જૂનાગઢના આઠમાં જયુડી. મેજી. ફ.ક. શિપ્રા શ્યાલએ આરોપી દક્ષેષભાઈ હર્ષદભાઈ જોષીને એક વર્ષની સાદી કેદ તથા રૂા.૪,૭૫,૦૦૦/- વળતર પેટે ફરીયાદીને ચુકવવા હુકમ કરેલ છે. ઉપરોકત ત્રણેય કેસમાં ફરીયાદી તરફે એડવોકેટ પારસ એમ. બાબરીયા, રોહિત ખોડા તથા રૂબીના જેઠવા રોકાયેલા હતા.

# વિશ્વ કેન્સર દિવસ નિમિતે માળીયાહાટીના તાલુકાના આરોગ્ય કર્મચારીઓનું બ્રેસ્ટ કેન્સર સ્કીનીંગ કેમ્પ યોજાયો



જૂનાગઢ, તા.૫


વિશ્વ કેન્સર દિવસ ઉજવણી અંતર્ગત માળિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગડુ ખાતે આશીર્વાદ ચેરીટેબલ ટ્રસ્ટ અને તાલુકા હેલ્થ ઓફિસ માળિયા દ્વારા માળિયા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ નું બ્રેસ્ટ કેન્સર સ્કીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય કર્મચારીઓને બ્રેસ્ટ કેન્સર અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ તકે તાલુકાના મેડિકલ ઓફિસરો પણ હાજર રહેલ હતા. આ સ્કીનીંગ કેમ્પ યોજાયો ડો.આભા મલ્હોત્રાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમા આશીર્વાદ ચેરીટેબલ ટ્રસ્ટના વર્ષાબેન દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

# જૂનાગઢ મનપાનો ચુંટણી જંગ રસપ્રદ તબકકામાં : પર બેઠક માટે ૧૬પ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા

## ભાજપનાં પ૧, કોંગ્રેસનાં પ૦, આપનાં ૩૦, બસપાનાં ૪, ઓલ ઈન્ડીયા મઝલીસ પાર્ટીનાં ૪ અને ૧૮ અપક્ષ ઉમેદવારો વચ્ચે જામશે ચુંટણી જંગ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૫

જૂનાગઢ મનપાની આગામી તા. ૧૬ ફેબ્રુઆરીનાં રોજ ચુંટણી યોજાઈ રહી છે. આ ચુંટણી આડે ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે. પરંતુ હજુ સુધી ઉમેદવારોનું ચુંટણી પ્રચાર તંત્ર ગોઠવાયું નથી. આ દરમ્યાન ગઈકાલે ઉમેદવારી પત્રાક ખેંચવાનાં અંતિમ દિવસે જે ચિત્ર સ્પષ્ટ થયું હતું તેમાં પર બેઠકો માટે ૧૬પ ઉમેદવારો વચ્ચે સ્પર્ધા થવાની છે. અને જે અંગેની તૈયારીઓ પણ ધીમે ધીમે શરૂ થઈ રહી છે.

જૂનાગઢ મનપાની ૬૦ બેઠક માટેની ચુંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં વોર્ડ નં. ૩ અને વોર્ડ નં. ૧૪નાં ભાજપનાં ઉમેદવારો ચુંટણી યોજાઈ તે પહેલા જ બિનહરીફ જાહેર થયા છે ત્યારે ભાજપની છાવણીમાં ખુશીનો માહોલ સર્જાયો છે. બીજી તરફ ગઈકાલે ઉમેદવારી પત્ર પરત ખેંચવાનાં દિવસે જે ચિત્ર સ્પષ્ટ થયું છે તેમાં પર બેઠક માટે ૧૬પ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામવાનો છે. પર બેઠકનાં ૧૬પ ઉમેદવારોમાં ભાજપનાં પ૧, કોંગ્રેસનાં પ૦, આપનાં ૩૦, બસપાનાં ૪, AIMIM નાં ૪ અને ૧૮ અપક્ષ ઉમેદવારો ચુંટણીનાં મેદાનમાં છે. અને ધીમે ધીમે ચુંટણી પ્રચાર તંત્ર વેગવાન બનવાનું છે. બીજી તરફ જૂનાગઢ મનપાની ચુંટણીમાં ફરી એકવાર શાસન સ્થાપવા માટે ભાજપ દ્વારા કમરકસી છે. તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ આ ચુંટણીમાં પોતાનાં ઉમેદવારને મતદારો વિજય બનાવે તે માટેનાં પ્રયાસો કરી રહેલ છે. આ ઉપરાંત આપ, બસપા, ઓલ ઈન્ડીયા મઝલીસ પાર્ટી અને અપક્ષ ઉમેદવારો પણ ચુંટણીલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં ગણતરીનાં ૧૧ દિવસો ચુંટણી આડે રહયા છે ત્યારે રાજકીય માહોલ ચુંટણી લક્ષી બની ગયો છે. આગામી દિવસોમાં જ મતદારોનો ડોર ટુ ડોર સંપર્ક, ચુંટણી સભાઓ જેવા કાર્યક્રમો પણ યોજાશે. દરમ્યાન મનપાની ચુંટણીની તૈયારીની સાથે સાથે રાજકીય પક્ષો દ્વારા સામસામા આક્ષેપબાજીનો પણ મારો ચાલી રહયો છે. અને એક તકે તો પ્રજા એટલે કે મતદારોને પણ એવો પ્રશ્ન થાય છે કે આમા સાચું કોણ ? તેવો સવાલ ઉઠવા પામે છે. જો કે જૂનાગઢની પ્રજાએ ભાજપનાં ગત ટર્મનાં મનપાનાં સત્તાધિશોની કામગીરી નિહાળી છે અને અત્યાર સુધી ભાજપ જે રીતે કાર્ય પ્રણાલી સ્થાપી છે. અને ભવિષ્યમાં કેવી કાર્યવાહી કરશે તે અંગે પણ લોકોને તો અત્યારથી ખ્યાલ પડી ગયો છે. મતદારો કયા પક્ષને મહત્વ આપે છે અથવા તો ઉમેદવારોને જ પ્રાધાન્ય આપે છે કે કેમ તેના પર ચુંટણીનાં પરીણામનો મદાર રહેશે. દરમ્યાન ભાજપનાં મોવડીઓ પણ ફરી એકવાર જૂનાગઢમાં ભાજપનું શાસન સ્થાપી શકાશે તેવું ગણીત માંડી રહયા છે. જૂનાગઢ મનપાની ચુંટણીનાં પરીણામો કેવા રહેશે તે બાબતે નિષ્ણાંતો પણ અત્યારે કોઈ ટ્રેન્ડ અંગે નકકી કરી શકતા નથી. સાચુ તો મતદાન કેવું રહે છે અને કયાં ઉમેદવારને લોકો પસંદ કરે છે તેનાં ઉપર મુખ્ય આધાર છે. ત્યારે સમગ્ર ચુંટણી પ્રક્રિયા પર સંબંધિત તમામની મીટ રહેલી છે. બીજી તરફ ૧૬ ફેબ્રુઆરીનાં રોજ મતદાન થનાર છે ત્યારે ૧૫ વોર્ડમાં કુલ ૨૮૭ મતદાન મથકો ઉભા કરવામાં આવી રહયા છે. અને ચુંટણી તંત્ર મનપાની ચુંટણી શાંતિ રીતે સંપન્ન થાય તે માટેનાં પ્રયાસોને ભારે જહેમત ઉઠાવી રહયા છે. હવે જૂનાગઢનાં લોકો મનપાનાં રીઝલ્ટની આતુરતા પૂર્વક રાહ જોઈ રહયા છે.

# કેશોદની મહિલાના ગળામાંથી રૂા. ૧.૭૭ લાખનાં સોનાના ચેઈનની ચીલઝડપ


(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.પ

કેશોદ પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેકિંગની ઘટના બનતાં પોલીસે સીસીટીવી ફુટેજ આધારે હેલ્મેટધારી ૨ અજાણ્યાં શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. આ અંગેની મળતી વિગત મુજબ કેશોદના અમૃતનગર મેઈન રોડ ઉપર આવેલ જોલી પાર્કમાં રહેતા ૪૪ વર્ષીય સાજણબેન અરજણભાઈ ગરચર મંગળવારે સવારના પોતાના ઘરેથી અમૃતનગર મેઈન રોડ ઉપર ડેરીએથી દુધ લઈ પરત ફરી રહ્યાં હતાં. ત્યારે જોલી પાર્કના વળાંક ઉપર પહોંચતા રસ્તામાં બાઈક ઉપર ડબલ સવારીમાં નીકળેલ હેલ્મેટધારી બે અજાણ્યા શખ્સોએ મહિલા નજીક આવી મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ કરી હતી. મહિલાએ રાડા રાડી કરતાં ચેઈન સ્નેકર રફુચક્કર થયા હતા તે સમયે બાઈક પાછળ શ્વાન દોડતાં જોવા મળ્યાં હતાં. મહિલાએ પોલીસમાં આપેલ ફરિયાદમાં ચીલઝડપ થયેલ સોનાનો ચેઈન ૩૧ ગ્રામ જેની અંદાજીત કિંમત ૧ લાખ ૭૭ હજારની કિંમતનો હોવાનું જણાવ્યું હતું. સીસીટીવીમાં હેલ્મેટધારી ૨ અજાણ્યા શખ્સો જોવા મળ્યા, આ ઘટનામાં પોલીસે સીસીટીવી ફુટેજમાં જોવા મળેલ હેલ્મેટધારી બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી બંનેને ઝડપી પાડવા નાકાબંધી સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાતમાં જૂનાગઢ જિલ્લામાં બાંટવા નગરપાલિકા સૌપ્રથમ બિનહરીફ : ૨૪ સીટોમાંથી ૧૫ ઉમેદવારો બિનહરીફ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.પ

જિલ્લા ભાજપના અધ્યક્ષ કીરીટ પટેલ અને બાંટવા ભાજપ આગેવાનોની મહેનત રંગ લાવી છે. બાંટવા નગરપાલિકાના પ્રતિષ્ઠા ભર્યા જંગમાં ભાજપ વોર્ડ નં.૧, ૨, ૩, ૪ આખી પેનલ બિનહરીફ વિજયી થઈ છે. ભાજપના ચાણક્ય મહાનુભાવોએ ખેલ પાડી દીધો. બાંટવા નગરપાલિકામાં મતદાન પહેલા જ કોંગ્રેસની હાર થઈ છે. જૂનાગઢ જિલ્લાની બાંટવા નગરપાલીકાની ચૂંટણીમાં BJPના વિજયના શ્રી બાંટવા નગરપાલીકાની ૧૫ બેઠકો બિનહરીફ થઈ છે. ૧. ગીતાબેન રમણીકભાઈ મકવાણા, ૨. નિર્મળાબેન તુલસીપરી ગૌસવામી, ૩. કનુભાઈ રામદેભાઈ સોલંકી, વોર્ડ નં-૩ ૧. કુસુમબેન કિરીટભાઈ રાઠોડ, ૨.રસીલાબેન ગોવિંદભાઈ પરમાર, ૩. હીરીબેન જિવાભાઈ કોડીયાતર, ૪. ધીરજલાલ ખીમજીભાઈ કણસાગરા, વોર્ડ નં-૪ ૧. દિપ્તીબેન રણજિતભાઈ વાઢેર, ૨.ગીતાબેન ભરતભાઈ ગુરબાણી, ૩. સુનીલકુમાર પીતાબંરદાસ જેઠવાણી, ૪. રામભાઈ સેજાભાઈ ગરચર, વોર્ડ નં-૫ ૧. ગીતાબેન રણજિતભાઈ ડોડીયા, ૨.લીલાબેન પાંચાભાઈ વાઢેર, ૩. અમિતસિંહ રામસિંહ હેરમા, ૪.હિમતસિંહ માનસિંહ નકુમ આ બધા ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજયી જાહેર થયા છે. કોંગ્રેસમાં સોંપો અને ભાજપના કાર્યકરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ વેળાએ ભાજપ આગેવાનો જિલ્લા ભાજપ મંત્રી જીવાભાઈ કોડીયાતર પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ કણસાગરા ગણપતભાઈ મોરી પાર્ટીના અન્ય આગેવાનો કાર્યકર્તા શહેર ભાજપ આગેવાનો દ્વારા સતત દિવસ રાત મહેનત આખરે રંગ લાવી હતી. જેને નગરપાલિકા ચૂંટણીમાં સૌ પ્રથમ કમળને ખીલતા કોઈ અટકાવી શક્યું ન હતું અને વોર્ડ નં.૧ થી ૪માં ભાજપે જીત હાંસલ કરી હતી. બાંટવાના ભાજપના અગ્રણીઓ અને જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલના સતત માર્ગદર્શનથી ભાજપને ઉમદા પરિણામ મળ્યું છે.

# વંથલી પોલીસ સ્ટેશનનાં જુગારનાં કેસમાં બે વર્ષથી નાસતા ફરતા ત્રણ આરોપી ઝડપાયા




(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૫

જૂનાગઢ જીલ્લાનાં વંથલી પોલીસ સ્ટેશનનાં જુગારધારાનાં ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા ત્રણ આરોપીઓને જૂનાગઢ પેરોલ સ્કવોડ દ્વારા ઝડપી લેવામાં આવેલ છે. પકડાયેલા આરોપી બદરૂદીન જીવણભાઈ વડેસરીયા (ઉ.વ. ૩૨) રહે. કેશોદ, સીદી રહેમાન બેલીમ (ઉ.વ. ૬૬) રહે. ગોવિંદપુરા, અલ્તાફભાઈ અબ્દુલભાઈ કરવત (ઉ.વ. ૪૨) રહે. ગોવિંદપુરા નામના આ ત્રણેય શખ્સોને ચોકકસ બાતમીનાં આધારે પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ કે.બી. ચોધરી અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢ તથા રાજકોટ જીલ્લાનાં હથીયારધારા ભંગનાં ગુનામાં સંડોવાયેલા મધ્યપ્રદેશનાં ભીંડ જીલ્લાનો શખ્સ પાસા હેઠળ જેલ હવાલે



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૫

મધ્યપ્રદેશ રાજયનાં ઈશ્વરી ગામમાં રહેતા રાજેશ ગંગાસીંગ રાજાવત (ઉ.વ. ૩૨)ને પાસાનાં કાયદા હેઠળ સેન્ટ્રલ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા તથા રાજકોટ જીલ્લા ખાતે હથીયારધારા હેઠળ નોંધાયેલા ગુનામાં આ શખ્સ સંડોવાયેલો હોય જેનાં વિરૂધ્ધ પાસા અંતર્ગત દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. અને પાસા વોરન્ટ ઈસ્યુ થતાં ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ ડી.કે. ઝાલા અને સ્ટાફ ચોકકસ બાતમીનાં આધારે રાજકોટ રેસકોર્સ ખાતે તપાસ કરતાં અને વોચમાં રહયા હતાં. આ દરમ્યાન રાજેશ ગંગાસીંગ રાજાવત નામનો શખ્સ મળી આવતાં તેની અટક કરી અને સેન્ટ્રલ જેલ વડોદરા ખાતે મોકલી આપવામાં આવેલ છે.

# જૂનાગઢના જોષીપરામાં જુના મનદુઃખે મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.પ

જૂનાગઢ શહેરના જોષીપરા આદિત્યનગરમાં જુના મનદુઃખે મારમારી થતા સામસામે ફરીયાદ બી ડીવીઝન પોલીસમાં નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે ભાર્ગવભાઈ તુલસીભાઈ ગળીયલે પ્રફુલભાઈ તુલસીભાઈ વાઢેર, મનીષાબેન, સંજય જે પ્રફુલનો કુટુંબી ભાઈ અને ગોવીંદ નામના શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને આરોપી પ્રફુલ વાઢેરની પત્ની સાથે એકાદ વર્ષ પહેલા ફ્રેન્ડશીપ હોય જે બાબતે ફરીયાદીને તેના સમાજ રાહે સમાધાન થયેલ તે વખતે નાત વજીતા ૨૫ હજાર આપેલ હોય અને સમાધાન થયેલ તે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓ ફરીયાદી તથા તેના માતા-પિતા સાથે ગાળાગાળી, મારમારી, છુટા પથ્થરના ઘા કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધેલ સામાપક્ષે પ્રફુલભાઈ તુલસીભાઈ વાઢેરે ભાર્ગવભાઈ તુલસીભાઈ ગળીયલ, યાજ્ઞીકભાઈ ચુડાસમા, તુલસીભાઈ મંગાભાઈ, જોશનાબેન તુલસીભાઈ અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના પત્ની એકાદ વર્ષ પહેલા ફ્રેન્ડશીપ બાબતે આરોપી ભાર્ગવ સાથે તકરાર થયેલ અને તેનું સમાધાન સમાજ રાહે થયેલ જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ ફરીયાદી, ફરીયાદીના પિતા તથા ફરીયાદીના પિતરાઈ બહેન અને સાહેદ મંજુલાબેન સાથે ગાળાગાળી કરી લાકડી વડે હુમલો કરી ઢીકાપાટુનો મારમાર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે બંને પક્ષે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મેંદરડાના અંબાળા ગામે મારમારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.પ

મેંદરડાના અંબાળા ગામે અગાઉના મનદુઃખે મારામારી થતા સામસામે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે અલ્તાફભાઈ રજાકભાઈ કુરેશીએ રમીઝભાઈ રહીમભાઈ કુરેશી વીરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી અંબાળા ગામના ચોકમાં હતા ત્યારે આરોપીએ અગાઉનું મનદુઃખ રાખી ફરીયાદી પાસે આવી ઝઘડો કરવા લાગેલ, ફરીયાદીએ ઝઘડો કરવાની ના પાડતા આરોપીએ તેના હાથમાં રહેલ લોખંડના પાઈપ વડે ફરીયાદીને મારમાર્યાની ફરીયાદ નોંધાયેલ જયારે સામાપક્ષે રમીઝભાઈ રહીમભાઈ કુરેશીએ અલ્તાફભાઈ રજાકભાઈ કુરેશી વિરૂધ્ધ નોંધાવેલ ફરીયાદમાં જણાવેલ કે, આરોપી મામદેવના મંદિરે પુજારી સાથે ગેરવર્તન કરતા હો જેથી ફરીયાદીએ તેમને અટકાવતા તેનું મનદુઃખ રાખીને ફરીયાદી સાથે ઝઘડો કરવા લાગે અને ફરીયાદીએ ઝઘડો કરવાની ના પાડતા આરોપીએ તેના હાથમાં રહેલ લોખંડના ચેઈન વડે હુમલો કરી ઢીકાપાટુનો મારમાર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભારે પવન ફુંકાવાનાં કારણે રોપ-વે સેવા બે દિવસ બંધ

જૂનાગઢ તા. ૫


ગિરનાર પર્વત પર ભારે પવન ફુંકાવાને કારણે રોપ-વે સેવા બંધ કરી દેવામાં આવી છે. સતત બે દિવસ સુધી રોપ-વે સેવા બંધ કરી દેવામાં આવી હતી. ગિરનાર શિખર પર ૬૦ થી ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાતો હોય કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પવનની ગતી સામાન્ય થયા પછી રોપ-વે સેવા ફરીથી શરૂ કરવામાં આવશે.

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા તેમજ ભેટ આપવા માટે સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. મો.૯૮૭૯૩ ૭૬૦૨૮

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
શિયાળાની ગુલાબી ઠંડી માટે ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે તથા ગાયનું તાજુ ઘી આવી ગયું છે
**વિજય ઘી ડીપો**
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

**રોયલ ગેસ સ્ટવ**
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
**રોયલ ગેસ સ્ટવ**
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

**બેકરી શો-રૂમમાં કામ કરી શકે**
અનુભવી માણસોની જરૂર છે
બહુ જ સારો પગાર મળશે
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨